સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 36

[AUG SEPT - 2020]
[30/08/20 to 05/09/20]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

## MIRACLES
EXCLUSIVE FOR GPSC
(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

VOLUME 9

16 TO 31 AUG - 2020

ICE®

Click Here To DOWNLOAD

## CURRENT TOPICS

- ✔ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે National Sports and Adventure Awards, 2020 એનાયત
- ✔ નદી પરના ભારતના સૌથી લાંબા રોપવેનો આસામના ગુવાહાટીમાં પ્રારંભ
- ✔ 'પ્રણવદા' તરીકે પ્રસિદ્ધ ભારતના 13મા રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જીનું નિધન
- ✔ ગુજરાતમાં ગેરકાયદે જમીન પચાવી પાડવાના કિસ્સા અટકાવવા 'ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ-2020'ને કેબિનેટની મંજૂરી
- ✔ ગુજરાતના ગાંધીનગરમાં બનશે વિશ્વનું સૌથી મોટું ટોય મ્યુઝિયમ
- ✔ નાણાકીય વર્ષ 2020-21ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતનો GDP વિકાસ દર માઈનસ 23.9 ટકા નોંધાયો


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

**30 AUGUST, 2020 SUNDAY**

## ➤ દિવસ મહિમા : (1) 30 ઓગસ્ટ, લઘુ ઉદ્યોગ દિવસ અથવા રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ દિવસ (Small Industry Day or National Small Industry Day)

## ➤ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે National Sports and Adventure Awards, 2020 એનાયત




29 ઓગસ્ટ 2020ને **'નેશનલ સ્પોર્ટ્સ ડે'**ના રોજ ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદે** ભારતના વિવિધ ખેલાડીઓને વર્ષ **2020**ના **'નેશનલ સ્પોર્ટ્સ એન્ડ એડવેન્ચર એવોર્ડ'** એનાયત કર્યા છે.

- COVID-19 મહામારીને કારણે ભારતમાં **પ્રથમ વખત** આ એવોર્ડ **વર્ચ્યુઅલ** એનાયત થયા હતા.
- આ એવોર્ડ એનાયત કરવા માટેનો વર્ચ્યુઅલ સમારોહ ભારતમાં **નવી દિલ્હી**ના **રાષ્ટ્રપતિ ભવન** તેમજ ભારતના જુદા જુદા શહેરોમાં આવેલા **સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા**ના **11 સેન્ટરો** ખાતે યોજાયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE

### એવોર્ડ વિજેતા ખેલાડીઓ

આ અંતર્ગત ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે **શ્રી રોહિત શર્મા, શ્રી મરિયપ્પન થાંગાવેલુ, સુશ્રી મનિકા બત્રા, સુશ્રી વિનેશ ફોગટ અને સુશ્રી રાની રામપાલ** એમ કુલ **5** ખેલાડીઓને **રાજીવ ગાંધી ખેલરત્ન પુરસ્કાર**થી સન્માનિત કર્યા છે.

- ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા વર્ષ **2020**માં **5** ખેલાડીઓને **રાજીવ ગાંધી ખેલરત્ન પુરસ્કાર**, કુલ **13** કોચને **દ્રોણાચાર્ય પુરસ્કાર**, **15** ખેલાડીઓને **મેજર ધ્યાનચંદ એવોર્ડ**, **27** ખેલાડીઓને **અર્જુન એવોર્ડ** અને **8** વ્યકિતઓને **તેનઝિંગ નોર્ગે નેશનલ એડવેન્ચર એવોર્ડ** સહિત કુલ **7 કેટેગરી**માં કુલ **74** વ્યકિત, ખેલાડી, કોચ અને સંસ્થાઓને વિવિધ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

## નેશનલ સ્પોર્ટ્સ એન્ડ એડવેન્ચર એવોર્ડ 2020 વિજેતા ખેલાડીઓ, કોચ, સંસ્થા

| ક્રમ | કેટેગરી | વિજેતા ખેલાડી, કોચ, સંસ્થા |
|---|---|---|
| 1 | રાજીવ ગાંધી ખેલરત્ન પુરસ્કાર | 5 |
| 2 | દ્રોણાચાર્ય એવોર્ડ (લાઈફટાઈમ) | 8 |
| | દ્રોણાચાર્ય એવોર્ડ (રેગ્યુલર) | 5 |
| 3 | ધ્યાનચંદ એવોર્ડ | 15 |
| 4 | અર્જુન એવોર્ડ | 27 |
| 5 | તેનજિંગ નોર્ગે નેશનલ એડવેન્ચર પુરસ્કાર | 8 |
| 6 | મૌલાના અબુલ કલામ આઝાદ ટ્રોફી | 1 |
| 7 | રાષ્ટ્રીય ખેલ પ્રોત્સાહન પુરસ્કાર | 5 |
| | કુલ | 74 |

**નોંધ :** (1) કોરોના મહામારી દરમિયાન કોઈ એવોર્ડ વિતરણ સમારોહમાં ભારતના રાષ્ટ્રપતિ ઉપસ્થિત રહયા હોય તેવી આ પ્રથમ ઘટના હતી.

(2) આ એવોર્ડ વિતરણ સમારોહમાં કુલ 74માંથી 60 વ્યકિત, ખેલાડીઓ, કોચ અથવા તો સંસ્થાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા.

(3) જેમાં ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી રોહિત શર્મા અને શ્રી ઈશાંત શર્મા IPL રમવા માટે UAE પહોંચી ગયા હોવાથી આ સમારોહમાં ઉપસ્થિત રહી શકયા ન હતા.

(4) જ્યારે ભારતના પ્રસિદ્ધ મહિલા રેસલર સુશ્રી વિનેશ ફોગટ તથા બેડમિન્ટન ખેલાડી શ્રી સાત્વિકસાઈરાજ રણકીરેડ્ડીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તેઓ આ સમારોહમાં ઉપસ્થિત રહી શકયા ન હતા.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ 2020

| ક્રમ | ખેલાડીનું નામ | રમત | રાજ્ય |
|---|---|---|---|
| 1 | શ્રી રોહિત શર્મા | ક્રિકેટ | મહારાષ્ટ્ર |
| 2 | શ્રી મરિયપ્પન થાંગાવેલુ | પેરા એથ્લેટિકસ (ઊંચી કૂદ) | તમિલનાડુ |
| 3 | સુશ્રી મનિકા બત્રા | ટેબલ ટેનિસ | દિલ્હી |
| 4 | સુશ્રી વિનેશ ફોગટ | રેસલિંગ (કુસ્તી) | હરિયાણા |
| 5 | સુશ્રી રાની રામપાલ | હોકી | હરિયાણા |

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**નોંધ :** (1) વર્ષ 2010માં ભારતમાં 5 ખેલાડીઓને 'રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ' એનાયત થયા છે. ભારતમાં એક સાથે સૌથી વધુ 5 ખેલાડીઓને 'રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ' એનાયત થયા હોય એવી આ પ્રથમ ઘટના છે. આ અગાઉ વર્ષ 2016માં એક સાથે 4 ખેલાડીઓને આ પુરસ્કાર એનાયત થયો હતો.

(2) શ્રી મરિયપ્પન થાંગાવેલુ પેરા એથ્લેટિક્સમાં ઊંચીકૂદ (High Jump)ની રમતમાં 'રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ' વિજેતા પ્રથમ ખેલાડી બની ગયા છે.

(3) અને સુશ્રી મનિકા બત્રા ટેબલ ટેનિસની રમતમાં 'રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ' વિજેતા પ્રથમ ખેલાડી બની ગયા છે.

(4) જ્યારે સુશ્રી રાની રામપાલ હોકીની રમતમાં 'રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ' વિજેતા પ્રથમ મહિલા ખેલાડી બની ગયા છે.

**દ્રોણાચાર્ય એવોર્ડ 2020 લાઈફ ટાઈમ કેટેગરી**

| ક્રમ | કોચનું નામ | રમત |
|---|---|---|
| 1 | શ્રી ધર્મેન્દ્ર તિવારી | તિરંદાજી (Archery) |
| 2 | શ્રી પુરૂષોત્તમ રાય | એથ્લેટિક્સ |
| 3 | શ્રી શિવ સિંહ | બોક્સીંગ |
| 4 | શ્રી રોમેશ પઠાનિયા | હોકી |
| 5 | શ્રી કૃષ્ણ કુમાર હુડા | કબડ્ડી |
| 6 | શ્રી વિજય ભાલચંદ્ર મુનીશ્વર | પેરા પાવરલિફટીંગ |
| 7 | શ્રી નરેશ કુમાર | ટેનિસ |
| 8 | શ્રી ઓમ પ્રકાશ દહિયા | રેસલિંગ (કુસ્તી) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દ્રોણાચાર્ય એવોર્ડ 2020 રેગ્યુલર કેટેગરી**

| ક્રમ | કોચનું નામ | રમત |
|---|---|---|
| 1 | શ્રી જયૂડ ફેલિક્સ સેબેસ્ટિયન | હોકી |
| 2 | શ્રી યોગેશ માલવિયા | મલખંબ |
| 3 | શ્રી જસપાલ રાણા | શૂટિંગ |
| 4 | શ્રી કુલદીપ કુમાર હાંડૂ | વુશુ |
| 5 | શ્રી ગૌરવ ખન્ના | પેરા બેડમિન્ટન |

## ધ્યાનચંદ એવોર્ડ 2020

| ક્રમ | ખેલાડીનું નામ | રમત |
|---|---|---|
| 1 | શ્રી કુલદીપસિંહ ભુલ્લર | એથ્લેટિક્સ |
| 2 | સુશ્રી જિન્સી ફિલિપ | એથ્લેટિક્સ |
| 3 | શ્રી પ્રદીપ શ્રીકૃષ્ણ ગંધે | બેડમિન્ટન |
| 4 | સુશ્રી તૃપ્તી મુરગુંડે | બેડમિન્ટન |
| 5 | સુશ્રી એન. ઉષા | બોક્સીંગ |
| 6 | શ્રી લખ સિંહ | બોક્સીંગ |
| 7 | શ્રી સુખવિંદર સિંહ સંધુ | ફૂટબોલ |
| 8 | શ્રી અજીત સિંહ | હોકી |
| 9 | શ્રી મનપ્રીત સિંહ | કબડ્ડી |
| 10 | શ્રી જે. રણજીત કુમાર | પેરા એથ્લેટિક્સ |
| 11 | શ્રી સત્યપ્રકાશ તિવારી | પેરા બેડમિન્ટન |
| 12 | શ્રી મનજીત સિંહ | નૌકાયાન (Rowing) |
| 13 | સ્વર્ગીય શ્રી સચિન નાગ | સ્વિમિંગ |
| 14 | શ્રી નંદન પી. બલ | ટેનિસ |
| 15 | શ્રી નેત્રપાલ હુડા | રેસલિંગ (કુસ્તી) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અર્જુન એવોર્ડ 2020

| ક્રમ | ખેલાડીનું નામ | રમત |
|---|---|---|
| 1 | શ્રી અતનુ દાસ | તિરંદાજી |
| 2 | સુશ્રી દૂતી ચંદ | એથ્લેટિક્સ |
| 3 | શ્રી સાત્વિકસાઈરાજ રણકીરેડ્ડી | બેડમિન્ટન |
| 4 | શ્રી ચિરાગ ચંદ્રશેખર શેટ્ટી | બેડમિન્ટન |
| 5 | શ્રી વિશેષ ભૃગુવંશી | બાસ્કેટબોલ |
| 6 | સૂબેદાર મનીષ કૌશિક | બોક્સીંગ |
| 7 | સુશ્રી લવલીના બોરગોહીન | બોક્સીંગ |
| 8 | શ્રી ઈશાંત શર્મા | ક્રિકેટ |

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

| ક્રમ | ખેલાડીનું નામ | રમત |
|---|---|---|
| 9 | સુશ્રી દિપ્તી શર્મા | ક્રિકેટ |
| 10 | શ્રી સાવંત અજય અનંત | ઘોડેસવારી (Equestrian) |
| 11 | શ્રી સંદેશ ઝીંગન | ફૂટબોલ |
| 12 | સુશ્રી અદિતિ અશોક | ગોલ્ફ |
| 13 | શ્રી આકાશદીપ સિંહ | હોકી |
| 14 | સુશ્રી દીપિકા | હોકી |
| 15 | શ્રી દીપક | કબડ્ડી |
| 16 | શ્રી કાલે સારિકા સુધાકર | ખો ખો |
| 17 | શ્રી દત્તુ બાબન ભોકાનાલ | નૌકાયાન (Rowing) |
| 18 | સુશ્રી મનુ ભાકર | શૂટિંગ |
| 19 | શ્રી સૌરભ ચૌધરી | શૂટિંગ |
| 20 | સુશ્રી મધુરિકા સુહાસ પાટકર | ટેબલ ટેનિસ |
| 21 | શ્રી દિવિજ શરણ | ટેનિસ |
| 22 | શ્રી શિવા કેશવન | વિન્ટર સ્પોર્ટ્સ અથવા લુજ |
| 23 | સુશ્રી દિવ્યા કક્કરન | રેસલિંગ (કુસ્તી) |
| 24 | શ્રી રાહુલ અવારે | રેસલિંગ (કુસ્તી) |
| 25 | શ્રી સુયશ નારાયણ જાધવ | પેરા સ્વિમિંગ |
| 26 | શ્રી સંદીપ | પેરા એથ્લેટિક્સ |
| 27 | શ્રી મનીષ નરવાલ | પેરા શૂટિંગ |

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) વર્ષ 2020માં ભારતમાં વિન્ટર સ્પોર્ટ્સની લુજ (Luge) નામની રમતમાં પ્રથમ વખત અર્જુન એવોર્ડ એનાયત થયો છે.

(2) લુજ નામની રમતનો પ્રથમ અર્જુન એવોર્ડ હિમાચલ પ્રદેશના શ્રી શિવા કેશવનને એનાયત થયો છે.

## તેનજિંગ નોર્ગે નેશનલ એડવેન્ચર પુરસ્કાર 2019

| ક્રમ | ખેલાડીનું નામ | કેટેગરી |
|---|---|---|
| 1 | સુશ્રી અનિતા દેવી | લેન્ડ એડવેન્ચર |
| 2 | કર્નલ સરફરાજ સિંહ | લેન્ડ એડવેન્ચર |
| 3 | શ્રી ટકા તામૂત | લેન્ડ એડવેન્ચર |
| 4 | શ્રી નરેન્દ્ર સિંહ | લેન્ડ એડવેન્ચર |
| 5 | શ્રી કેવલ હીરેન કક્કા | લેન્ડ એડવેન્ચર |
| 6 | શ્રી સતેન્દ્ર સિંહ | વોટર એડવેન્ચર |
| 7 | શ્રી ગજાનંદ યાદવ | એર એડવેન્ચર |
| 8 | સ્વર્ગીય શ્રી મગન બિસ્સા | લાઈફ ટાઈમ અચીવમેન્ટ |

## મૌલાના અબુલ કલામ આઝાદ (MAKA) ટ્રોફી

| ક્રમ | ટ્રોફીનું નામ | રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ |
|---|---|---|
| 1 | પંજાબ યુનિવર્સિટી | ચંદીગઢ |

| | | |
|---|---|---|
| 1 | યુવા પ્રતિભાની ઓળખ કરવી અને તેમને ટ્રેઈનિંગ આપવી | 1. લક્ષ્ય ઈન્સ્ટિટયૂટ<br>2. આર્મી સ્પોર્ટ્સ ઈન્સ્ટિટયૂટ |
| 2 | કોર્પોરેટ સામાજિક જવાબદારી દ્વારા રમતને પ્રોત્સાહન | Oil and Natural Gas Corporation (ONGC) Limited |
| 3 | ખેલાડીઓને રોજગારી અને રમતગમત કલ્યાણ ઉપાય | એર ફોર્સ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ |
| 4 | વિકાસ માટે રમતગમત (Sports for Development) | ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ સ્પોર્ટ્સ મેનેજમેન્ટ (IISM) |

**નોંધ : (1)** ભારતમાં સામાન્ય રીતે 29 ઓગસ્ટને 'નેશનલ સ્પોર્ટ્સ ડે'ના દિવસે 'નેશનલ સ્પોર્ટ્સ એન્ડ એડવેન્ચર એવોર્ડ એનાયત થાય છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

(2) વર્ષ 2020ના નેશનલ સ્પોર્ટ્સ એન્ડ એડવેન્ચર એવોર્ડ વિજેતાઓની પસંદગી માટે સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ મુકુંદકમ શર્માની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી હતી.

## ભારતમાં કયો પુરસ્કાર શા માટે એનાયત થાય છે ?

| ક્રમ | પુરસ્કારનું નામ | શા માટે/કોને એનાયત થાય છે ? |
|---|---|---|
| 1 | રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ | ચાર વર્ષના સમયગાળા દરમિયાન કોઈ એક ખેલાડી દ્વારા રમતના ક્ષેત્રમાં શ્રેષ્ઠ અને સૌથી ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે આ એવોર્ડ એનાયત થાય છે. |
| 2 | અર્જુન એવોર્ડ | સતત ચાર વર્ષના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે આ એવોર્ડ આપવામાં આવે છે. |
| 3 | દ્રોણાચાર્ય એવોર્ડ | પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય રમતગમત કાર્યક્રમોમાં એવોર્ડ વિજેતા ખેલાડી તૈયાર કરવા માટે કોચને આ એવોર્ડ એનાયત થાય છે. |
| 4 | ધ્યાનચંદ એવોર્ડ | રમતના વિકાસમાં આજીવન યોગદાન માટે આ એવોર્ડ એનાયત થાય છે. |
| 5 | રાષ્ટ્રીય ખેલ પ્રોત્સાહન પુરસ્કાર | રમતગમતના વિકાસ અને તેને પ્રોત્સાહન આપવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવનાર જાહેર તથા ખાનગી કોર્પોરેટ સંસ્થાઓ અને વ્યકિતઓને આ એવોર્ડ એનાયત થાય છે. |
| 6 | મૌલાના અબુલ કલામ આઝાદ (MAKA) ટ્રોફી | ઈન્ટર યુનિવર્સિટી ટુર્નામેન્ટમાં ઓવર ઓલ ટોચનું પ્રદર્શન કરનાર યુનિવર્સિટીને આ એવોર્ડ એનાયત થાય છે. |
| 7 | તેનજિંગ નોર્ગે નેશનલ એડવેન્ચર પુરસ્કાર | અપ્રતિમ સાહસ માટે આ એવોર્ડ એનાયત થાય છે. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ

રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ એ રમતગમત ક્ષેત્રનો ભારતનો સર્વોચ્ચ એવોર્ડ છે.

- આ એવોર્ડનો પ્રારંભ 1991-92થી થયો હતો.
- ભારતના પ્રસિદ્ધ ચેસ ખેલાડી શ્રી વિશ્વનાથન આનંદને સૌપ્રથમ 1991-92માં આ એવોર્ડ એનાયત થયો હતો.
- આ એવોર્ડ વિજેતા ખેલાડીને વર્ષ 2020માં એક મેડલ, પ્રશંસાપત્ર અને રૂ. 25 લાખ રોકડ પુરસ્કાર ઈનામ તરીકે આપવામાં આવ્યા હતા.

**નોંધ :** ભારતના પ્રસિદ્ધ શૂટિંગ ખેલાડી શ્રી અભિનવ બિન્દ્રા 'રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ' વિજેતા ભારતના સૌથી યુવા ખેલાડી છે. તેમણે 18 વર્ષની ઉંમરે વર્ષ 2001માં આ પુરસ્કાર એનાયત થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અર્જુન એવોર્ડ

ભારતમાં કેન્દ્ર સરકારના રમતગમત અને યુવા બાબતો અંગેના મંત્રાલય દ્વારા આ એવોર્ડ એનાયત થાય છે.

- આ એવોર્ડનો પ્રારંભ 1961થી થયો હતો.
- આ એવોર્ડ વિજેતા ખેલાડીને વર્ષ 2020માં અર્જુનની કાંસાની પ્રતિમા, પ્રશંસાપત્ર અને રૂ. 15 લાખ રોકડ પુરસ્કાર ઈનામ તરીકે આપવામાં આવ્યા હતા.
- વિવિધ રમતોમાં અર્જુન એવોર્ડ વિજેતા પ્રથમ ખેલાડીઓના નામ આ પ્રમાણે છે :



## વિવિધ રમતમાં અર્જુન એવોર્ડ વિજેતા પ્રથમ ખેલાડી

| ક્રમ | રમત | અર્જુન એવોર્ડ વિજેતા પ્રથમ ખેલાડી | વર્ષ |
|---|---|---|---|
| 1 | તિરંદાજી (Archery) | સુશ્રી ક્રિષ્ના દાસ | 1981 |
| 2 | એથ્લેટિક્સ | શ્રી ગુરબચન સિંઘ રંધાવા | 1961 |
| 3 | બેડમિન્ટન | શ્રી નંદુ નાટેકર | 1961 |
| 4 | બોલ બેડમિન્ટન | શ્રી જે. પિચ્ચા | 1970 |
| 5 | બાસ્કેટબોલ | શ્રી સરબજિત સિંઘ | 1961 |
| 6 | બિલિયર્ડ્સ અને સ્નૂકર | શ્રી વિલ્સન જોન્સ | 1963 |
| 7 | બોક્સીંગ | શ્રી એલ. બડી ડી'સૂઝા | 1961 |
| 8 | કેરમ | શ્રી એ. મારીઆ ઈરુદાયમ | 1996 |
| 9 | ચેસ | શ્રી મેન્યુઅલ આરોન | 1961 |
| 10 | ક્રિકેટ | શ્રી સલીમ દુરાની | 1961 |
| 11 | સાયકલિંગ | શ્રી અમર સિંઘ | 1975 |
| 12 | ઘોડેસવારી (Equestrain) | શ્રી દફદર ખાન એમ. | 1973 |
| 13 | ફૂટબોલ | શ્રી પી. કે. બેનર્જી | 1961 |
| 14 | ગોલ્ફ | શ્રી પી. જી. (પ્રેમ ગોપાલ) શેઠી | 1961 |
| 15 | જીમ્નાસ્ટિક્સ | શ્રી શામ લાલ | 1961 |
| 16 | હોકી | શ્રી પૃથ્વીપાલ સિંઘ અને સુશ્રી એન. લમ્સન (Ann Lumsden) | 1961 |
| 17 | જુડો | શ્રી સંદીપ બ્યાલા | 1992 |
| 18 | કબડ્ડી | શ્રી સુબ્બૈયા રાજરત્નમ્ | 1994 |
| 19 | ટેનિસ (અથવા લોન ટેનિસ) | શ્રી રામનાથન કૃષ્ણન | 1961 |
| 20 | રોલર સ્કેટિંગ | શ્રી અનુપ કુમાર યામા | 2015 |
| 21 | નૌકાયાન (Rowing) | મેજર પરવીન ઓબેરોય | 1981 |
| 22 | પોલો | શ્રી પ્રેમ સિંઘ | 1961 |
| 23 | શૂટિંગ | શ્રી કરણી સિંહ | 1961 |
| 24 | સ્કવોશ (Squash) | શ્રી અનિલ નાયર | 1969 |
| 25 | સ્વિમિંગ | શ્રી બજરંગી પ્રસાદ | 1961 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિવિધ રમતમાં અર્જુન એવોર્ડ વિજેતા પ્રથમ ખેલાડી

| ક્રમ | રમત | અર્જુન એવોર્ડ વિજેતા પ્રથમ ખેલાડી | વર્ષ |
|---|---|---|---|
| 26 | ટેબલ ટેનિસ | શ્રી જે. સી. વોરા | 1961 |
| 27 | વોલીબોલ | શ્રી એ. પલાનીસામી | 1961 |
| 28 | વેઈટલિફ્ટીંગ | શ્રી એ. એન. ઘોષ | 1961 |
| 29 | રેસલીંગ (કુસ્તી) | સુબેદાર ઉદે ચંદ | 1961 |
| 30 | વુશુ | સુશ્રી ડબ્લ્યુ. સંધ્યારાની દેવી | 2011 |
| 31 | નૌકાવિહાર (Yachting) | લેફ્ટનન્ટ કમાન્ડર એસ. જે. કોન્ટ્રાક્ટર | 1970 |
| 32 | બોડી બિલ્ડિંગ | શ્રી એસ. ભાસ્કરન | 2019 |
| 33 | મોટરસ્પોર્ટ્સ | શ્રી ગૌરવ ગીલ | 2019 |
| 34 | લુજ (Luge) | શ્રી શિવા કેશવન | 2020 |

**નોંધ :** શ્રી એ. મરીઆ ઈરુદાયમ વર્ષ 2020 સુધીમાં કેરમની રમતમાં અર્જુન એવોર્ડ વિજેતા એકમાત્ર ખેલાડી છે. આ ઉપરાંત અન્ય રમતમાં વર્ષ 2020 સુધીમાં અર્જુન એવોર્ડ વિજેતા એકમાત્ર ખેલાડીઓના નામ આ પ્રમાણે છે :

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વર્ષ 2020 સુધીમાં વિવિધ રમતમાં અર્જુન એવોર્ડ વિજેતા એકમાત્ર ખેલાડી

| ક્રમ | ખેલાડી | રમત | વર્ષ |
|---|---|---|---|
| 1 | શ્રી એ. મરીઆ ઈરુદાયમ | કેરમ | 1996 |
| 2 | શ્રી અનુપ કુમાર યામા | રોલર સ્કેટિંગ | 2015 |
| 3 | શ્રી એસ. ભાસ્કરન | બોડી બિલ્ડિંગ | 2019 |
| 4 | શ્રી ગૌરવ ગીલ | મોટરસ્પોર્ટ્સ | 2019 |
| 5 | શ્રી શિવા કેશવન | લુજ | 2020 |

**નોંધ :** ભારતમાં પર્વતારોહણ (Mountaineering) માટે સૌપ્રથમ 1965માં એકસાથે 20 પર્વતારોહકોને 'અર્જુન એવોર્ડ' એનાયત થયો હતો.

## રોકડ ઈનામની રકમમાં વધારો

વર્ષ 2020થી ભારતમાં રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ, અર્જુન એવોર્ડ, દ્રોણાચાર્ય એવોર્ડ, અને ધ્યાનચંદ એવોર્ડના વિજેતાઓને એનાયત થતી રોકડ ઈનામની રકમમાં વધારો કરવામાં આવ્યો છે, જે આ પ્રમાણે છે :

**એવોર્ડના ઈનામની રકમમાં વધારો**

| ક્રમ | એવોર્ડનું નામ | ઈનામની રકમ અગાઉ | ઈનામની રકમ હવે |
|---|---|---|---|
| 1 | રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ | 7.5 લાખ | 25 લાખ |
| 2 | અર્જુન એવોર્ડ | 5 લાખ | 15 લાખ |
| 3 | દ્રોણાચાર્ય એવોર્ડ (લાઈફટાઈમ) | 5 લાખ | 15 લાખ |
| 4 | દ્રોણાચાર્ય એવોર્ડ(રેગ્યુલર) | 5 લાખ | 10 લાખ |
| 5 | ધ્યાનચંદ એવોર્ડ | 5 લાખ | 10 લાખ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | 'લઘુ ઉદ્યોગ દિવસ' અથવા તો 'રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 28 ઓગસ્ટ (B) 29 ઓગસ્ટ (C) 30 ઓગસ્ટ (D) 31 ઓગસ્ટ | (C) |
| 2. | વર્ષ 2020માં ભારતમાં કુલ કેટલા ખેલાડીઓને 'રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા છે ?<br>(A) 4 (B) 5 (C) 6 (D) 7 | (B) |
| 3. | વર્ષ 2020માં ભારતમાં કુલ કેટલા કોચને 'દ્રોણાચાર્ય એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે ?<br>(A) 8 લાઈફટાઈમ + 3 રેગ્યુલર = કુલ 11 (B) 8 લાઈફટાઈમ + 4 રેગ્યુલર = કુલ 12<br>(C) 8 લાઈફટાઈમ + 5 રેગ્યુલર = કુલ 13 (D) 8 લાઈફટાઈમ + 6 રેગ્યુલર = કુલ 14 | (C) |
| 4. | વર્ષ 2020માં ભારતમાં કુલ કેટલા ખેલાડીઓને 'ધ્યાનચંદ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે ?<br>(A) 10 (B) 12 (C) 15 (D) 17 | (C) |
| 5. | વર્ષ 2020માં ભારતમાં કુલ કેટલા ખેલાડીઓને 'અર્જુન એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે ?<br>(A) 15 (B) 17 (C) 25 (D) 27 | (D) |
| 6. | વર્ષ 2020માં ભારતમાં કુલ કેટલા વ્યકિતઓને 'તેનજિંગ નોર્ગે નેશનલ એડવેન્ચર પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા છે ?<br>(A) 6 (B) 7 (C) 8 (D) 10 | (C) |
| 7. | વર્ષ 2020માં 'રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ' વિજેતા ક્રિકેટરનું નામ શું છે ?<br>(A) શ્રી વિરાટ કોહલી (B) શ્રી રોહિત શર્મા<br>(C) શ્રી મહેન્દ્રસિંહ ધોની (D) શ્રી ઈશાંત શર્મા | (B) |
| 8. | વર્ષ 2020માં 'રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ' વિજેતા પેરા એથ્લેટનું નામ શું છે ?<br>(A) સુશ્રી દીપા મલિક (B) શ્રી દેવેન્દ્ર ઝાઝરિયા<br>(C) શ્રી મરિયપ્પન થાંગાવેલુ (D) શ્રી વરુણ સિંહ ભાટી | (C) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

9. શ્રી મરિયપ્પન થાંગાવેલુ કઈ રમત સાથે સંકળાયેલા પેરા એથ્લેટ છે ?
(A) ગોળાફેંક (B) ભાલાફેંક (C) ઊંચીકૂદ (D) લાંબીકૂદ **(C)**

10. શ્રી મરિયપ્પન થાંગાવેલુ ભારતના કયા રાજ્યના પેરા એથ્લેટ છે ?
(A) તમિલનાડુ (B) કેરળ (C) આંધ્રપ્રદેશ (D) તેલંગાણા **(A)**

11. વર્ષ 2020માં ભારતમાં 'રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ' વિજેતા મહિલા ખેલાડી કોણ છે ?
(A) સુશ્રી મનિકા બત્રા (B) સુશ્રી વિનેશ ફોગટ
(C) સુશ્રી રાની રામપાલ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

12. વર્ષ 2020માં ભારતમાં 'રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ' વિજેતા ત્રણ મહિલા ખેલાડીઓના નામ શું છે ?
(A) સુશ્રી મનિકા બત્રા, સુશ્રી બબિતા ફોગટ અને સુશ્રી રાની રામપાલ
(B) સુશ્રી મનિકા બત્રા, સુશ્રી વિનેશ ફોગટ અને સુશ્રી રાની રામપાલ
(C) સુશ્રી મનિકા બત્રા, સુશ્રી મિતાલી રાજ અને સુશ્રી રાની રામપાલ
(D) સુશ્રી મનિકા બત્રા, સુશ્રી દીપા મલિક અને સુશ્રી રાની રામપાલ **(B)**

13. વર્ષ 2020માં ભારતમાં ટેબલ ટેનિસની રમતમાં 'રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ' વિજેતા ખેલાડી કોણ છે ?
(A) શ્રી સૌરભ ચૌધરી (B) સુશ્રી રાની રામપાલ
(C) શ્રી મનીષ નરવાલ (D) સુશ્રી મનિકા બત્રા **(D)**

14. સુશ્રી મનિકા બત્રા કઈ રમત સાથે સંકળાયેલા છે ?
(A) ટેનિસ (B) શૂટિંગ (C) ટેબલ ટેનિસ (D) હોકી **(C)**

15. સુશ્રી મનિકા બત્રા ભારતના કયા રાજ્ય અથવા તો કેન્દ્ર શાસિત પ્રદેશના પ્રસિદ્ધ ટેબલ ટેનિસ ખેલાડી છે ?
(A) ચંદીગઢ (B) દિલ્હી (C) હરિયાણા (D) ગોવા **(B)**

16. વર્ષ 2020માં ભારતમાં રેસલિંગ અથવા તો કુસ્તીની રમતમાં 'રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ' વિજેતા રેસલર કોણ છે ?
(A) સુશ્રી સાક્ષી મલિક (B) શ્રી બજરંગ પુનિયા
(C) સુશ્રી બબિતા ફોગટ (D) સુશ્રી વિનેશ ફોગટ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

17. સુશ્રી વિનેશ ફોગટને કઈ રમતમાં શ્રેષ્ઠ અને સૌથી ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે વર્ષ 2020નો 'રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર' એનાયત થયો છે ?

(A) રેસલિંગ અથવા કુસ્તી (B) બોકસીંગ
(C) વેઈટલિફટીંગ (D) હોકી **(A)**

18. સુશ્રી વિનેશ ફોગટ ભારતના કયા રાજ્યના પ્રસિદ્ધ મહિલા રેસલર છે ?

(A) હિમાચલ પ્રદેશ (B) પંજાબ (C) હરિયાણા (D) ઉત્તરાખંડ **(C)**

19. વર્ષ 2020માં ભારતમાં હોકીની રમતમાં 'રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ' વિજેતા ખેલાડી કોણ છે ?

(A) શ્રી મનપ્રીત સિંઘ (B) શ્રી સંદીપ સિંઘ
(C) સુશ્રી રિતુ રાની (D) સુશ્રી રાની રામપાલ **(D)**

20. સુશ્રી રાની રામપાલ કઈ રમત સાથે સંકળાયેલા છે ?

(A) ફૂટબોલ (B) ક્રિકેટ (C) હોકી (D) રેસલિંગ **(C)**

21. સુશ્રી રાની રામપાલ ભારતના કયા રાજ્યના પ્રસિદ્ધ હોકી ખેલાડી છે ?

(A) હરિયાણા (B) મણિપુર (C) મેઘાલય (D) પશ્ચિમ બંગાળ **(A)**

22. વર્ષ 2020ના રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ વિજેતા પાંચ ખેલાડીઓમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?

(A) શ્રી રોહિત શર્મા, સુશ્રી વિનેશ ફોગટ, સુશ્રી રાની રામપાલ, શ્રી બજરંગ પુનિયા, સુશ્રી મનુ ભાકર
(B) શ્રી સૌરભ ચૌધરી, સુશ્રી વિનેશ ફોગટ, સુશ્રી રાની રામપાલ, શ્રી બજરંગ પુનિયા, સુશ્રી મનુ ભાકર
(C) શ્રી મરિયપ્પન થાંગાવેલુ, સુશ્રી વિનેશ ફોગટ, સુશ્રી રાની રામપાલ, શ્રી બજરંગ પુનિયા, સુશ્રી મનુ ભાકર
(D) શ્રી રોહિત શર્મા, સુશ્રી વિનેશ ફોગટ, સુશ્રી રાની રામપાલ, શ્રી મનિકા બત્રા, શ્રી મરિયપ્પન થાંગાવેલુ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

23. વર્ષ 2020ના ભારતના 'નેશનલ સ્પોર્ટ્સ એન્ડ એડવેન્ચર એવોર્ડ'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. વર્ષ 2020માં કુલ 7 કેટેગરીમાં 74 એવોર્ડ એનાયત થયા છે.
   2. વર્ષ 2020માં પ્રથમ વખત એક સાથે સૌથી વધુ 5 ખેલાડીઓને રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ એનાયત થયો છે.
   3. વર્ષ 2020માં પ્રથમ વખત આ એવોર્ડ વિતરણ માટેનો સમારોહ વર્ચ્યુઅલ યોજાયો હતો.

Ans. (A) 1, 2, 3 (B) 2, 3 (C) 1, 3 (D) 1, 2 **(A)**

24. વર્ષ 2020ના 'રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ' વિજેતાઓના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. શ્રી મરિયપ્પન થાંગાવેલુ પેરા એથ્લેટિક્સમાં ઊંચીકૂદની રમતમાં 'રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ' વિજેતા પ્રથમ ખેલાડી બની ગયા છે.
   2. સુશ્રી મનિકા બત્રા ટેબલ ટેનિસની રમતમાં 'રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ' વિજેતા પ્રથમ ખેલાડી બની ગયા છે.
   3. સુશ્રી રાની રામપાલ હોકીની રમતમાં 'રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ' વિજેતા પ્રથમ ખેલાડી બની ગયા છે.

Ans. (A) 1, 2, 3 (B) 1, 3 (C) 2, 3 (D) 1, 2 **(D)**

25. વર્ષ 2020માં એથ્લેટિક્સમાં અર્જુન એવોર્ડ વિજેતા પ્રસિદ્ધ મહિલા ખેલાડી કોણ છે ?
   (A) સુશ્રી દૂતી ચંદ (B) સુશ્રી દિપ્તી શર્મા
   (C) સુશ્રી મનુ ભાકર (D) સુશ્રી અનિતા દેવી **(A)**

26. ભારતના કયા પ્રસિદ્ધ ક્રિકેટરોને વર્ષ 2020નો અર્જુન એવોર્ડ એનાયત થયો છે ?
   (A) શ્રી રવિન્દ્ર જાડેજા અને સુશ્રી દિપ્તી શર્મા (B) શ્રી હાર્દિક પંડયા અને સુશ્રી દિપ્તી શર્મા
   (C) શ્રી ઈશાંત શર્મા અને સુશ્રી દિપ્તી શર્મા (D) શ્રી સુરેશ રૈના અને સુશ્રી દિપ્તી શર્મા **(C)**

27. સુશ્રી મનુ ભાકર અને શ્રી સૌરભ ચૌધરીને કઈ રમતમાં વર્ષ 2020નો અર્જુન એવોર્ડ એનાયત થયો છે ?
   (A) શૂટિંગ (B) તિરંદાજી (C) સ્વિમિંગ (D) ફૂટબોલ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

28. વર્ષ 2020માં ભારતમાં નીચેનામાંથી કઈ રમતમાં પ્રથમ વખત અર્જુન એવોર્ડ એનાયત થયો છે ?
(A) વુશુ (B) બોડી બિલ્ડિંગ (C) લુજ (D) મોટરસ્પોર્ટ્સ (C)

29. વર્ષ 2020માં વિન્ટર સ્પોર્ટ્સની લુજની રમતમાં અર્જુન એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?
(A) શ્રી ગૌરવ ગીલ (B) શ્રી શિવા કેશવન
(C) શ્રી એસ. ભાસ્કરન (D) શ્રી બજરંગી પ્રસાદ (B)

30. વિન્ટર સ્પોર્ટ્સની લુજની રમતમાં અર્જુન એવોર્ડ વિજેતા ભારતના પ્રથમ ખેલાડીનું નામ શું છે ?
(A) શ્રી ગૌરવ ગીલ (B) શ્રી શિવા કેશવન
(C) શ્રી એસ. ભાસ્કરન (D) શ્રી બજરંગી પ્રસાદ (B)

31. કેરમની રમતમાં અર્જુન એવોર્ડ વિજેતા ભારતના પ્રથમ અથવા તો એકમાત્ર ખેલાડીનું નામ શું છે ?
(A) શ્રી એ. મરીઆ ઈરુદાયમ (B) શ્રી અનુપ કુમાર યામા
(C) શ્રી એ. પલાનીસામી (D) શ્રી પ્રેમ સિંઘ (A)

32. ભારતની કઈ યુનિવર્સિટીને તાજેતરમાં 'મૌલાના અબુલ કલામ આઝાદ ટ્રોફી' એનાયત થઈ છે ?
(A) JNU, દિલ્હી (B) બોમ્બે યુનિવર્સિટી
(C) પંજાબ યુનિવર્સિટી (D) ગુજરાત યુનિવર્સિટી (C)

33. ભારતમાં રમત ગમત ક્ષેત્રે અપાતા સર્વોચ્ચ પુરસ્કારનું નામ શું છે ?
(A) જવાહરલાલ નહેરુ ખેલ રત્ન પુરસ્કાર (B) સુભાષચંદ્ર બોઝ ખેલ રત્ન પુરસ્કાર
(C) ઈન્દિરા ગાંધી ખેલ રત્ન પુરસ્કાર (D) રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર (D)

34. ભારતમાં એડવેન્ચર માટે અપાતા ખેલ પુરસ્કારનું નામ શું છે ?
(A) તેનઝિંગ નોર્ગે નેશનલ એડવેન્ચર એવોર્ડ
(B) તેનઝિંગ રામ્ચે નેશનલ એડવેન્ચર એવોર્ડ
(C) તેનઝિંગ રોને નેશનલ એડવેન્ચર એવોર્ડ
(D) તેનઝિંગ ઝામ્વે નેશનલ એડવેન્ચર એવોર્ડ (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**35.** ભારતમાં રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ વિજેતાને વર્ષ 2020માં કેટલા રૂપિયાનું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું ?

(A) 15 લાખ (B) 20 લાખ (C) 25 લાખ (D) 50 લાખ **(C)**

**36.** ભારતમાં અર્જુન એવોર્ડ વિજેતાને વર્ષ 2020માં કેટલા રૂપિયાનું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું ?

(A) 5 લાખ (B) 10 લાખ (C) 15 લાખ (D) 20 લાખ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



**31 AUGUST, 2020 MONDAY**

## ➤ નદી પરના ભારતના સૌથી લાંબા રોપવેનો આસામના ગુવાહાટીમાં પ્રારંભ



તાજેતરમાં ભારતમાં આસામના ગુવાહાટીમાં બ્રહ્મપુત્રા નદી પર એક રોપવેનો પ્રારંભ થયો છે.

- આસામના ગુવાહાટીમાં બ્રહ્મપુત્રા નદી પર નિર્માણ પામેલો આ રોપવે ભારતનો નદી પરનો સૌથી લાંબો રોપવે છે.
- આ રોપવેની લંબાઈ 1.82 કિલોમીટર છે.
- ગુવાહાટી શહેરના કચેરીઘાટ અને ઉત્તર ગુવાહાટી વચ્ચે આ રોપવે આવેલો છે.
- આ રોપવેથી આ બંને સ્થળો વચ્ચે જવા આવવાના સમયમાં 52 મિનિટનો ઘટાડો થયો છે.
- અહીં સડક માર્ગે જવામાં 24.4 કિમીનું અંતર કાપવામાં 1 કલાક જેટલો સમય લાગતો હતો.
- જ્યારે આ રોપવેની મદદથી માત્ર 8 મિનિટમાં કચેરીઘાટથી ઉત્તર ગુવાહાટી જઈ શકાય છે.

**નોંધ :** (1) આ રોપવેની કેબિનમાં એક ઓપરેટર સહિત 30 પ્રવાસીઓ મુસાફરી કરી શકે છે.

(2) ગુવાહાટી મેટ્રોપોલિટન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા રૂ. 56.08 કરોડના ખર્ચે આ રોપવેનું નિર્માણ કરવામાં આવ્યું છે.

(3) બ્રહ્મપુત્રા નદી પર બનેલો આ Bi-Cable jig-back Ropeway બ્રહ્મપુત્રા નદીના દક્ષિણ અને ઉત્તર કિનારાને જોડે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ફૂટબોલરના નામ પરથી બનેલું ભારતનું પ્રથમ સ્ટેડિયમ

ભારતમાં સિક્કિમના નામચી જિલ્લામાં એક ફૂટબોલ સ્ટેડિયમનું નિર્માણ કરવામાં આવ્યું છે.

- આ સ્ટેડિયમ ભારતના પૂર્વ ફૂટબોલ કેપ્ટન શ્રી બાઈચુંગ ભુટિયાના નામ પરથી બનાવવામાં આવ્યું છે.
- ભારતમાં કોઈ ફૂટબોલરના નામ પરથી બનેલું આ પ્રથમ સ્ટેડિયમ છે.
- જે શ્રી બાઈચુંગ ભુટિયાના જન્મસ્થળ તિન્કીતામથી લગભગ 25 કિમી દૂર છે.

**નોંધ :** ભારતમાં COVID-19 મહામારી સમાપ્ત થયા બાદ આ સ્ટેડિયમનું ઉદ્દઘાટન કરવામાં આવશે.

## ➤ MCX દ્વારા ભારતનું પ્રથમ બુલિયન ઈન્ડેક્સ 'બુલડેક્સ' લોન્ચ

MCX એટલે કે Multi Commodity Exchange દ્વારા ઓગસ્ટ 2020 દરમિયાન ભારતમાં 'બુલડેક્સ' (BULLDEX) નામના એક બુલિયન ઈન્ડેક્સનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

- MCX દ્વારા શરૂ કરવામાં આવેલું 'બુલડેક્સ' એ ભારતનું પ્રથમ બુલિયન ઈન્ડેક્સ છે.
- એટલે કે 'બુલડેક્સ' એ કીમતી ધાતુઓ માટેનું ભારતનું પ્રથમ ઈન્ડેક્સ (સૂચકાંક) છે.
- તેમાં સોના અને ચાંદીનું વ્યકિતગત રીતે ટ્રેડિંગ કરી શકાશે.
- એટલે કે આ ઈન્ડેક્સનું નિર્માણ સોનું અને ચાંદીની વધઘટના આધારે કરવામાં આવ્યું છે.
- સોના ચાંદીના વેપારીઓ, બુલિયન ડિલર્સ, ટ્રેડર્સ, જોબર્સ, બ્રોકર્સ સહિતના જુદા જુદા રોકાણકારોને ધ્યાનમાં રાખીને આ એક્સચેન્જમાં લોટ સાઈઝ 50ની રાખવામાં આવી છે.
- આ ઈન્ડેક્સમાં વાયદાનો સમય પૂરો થતાં વેપારનું સેટલમેન્ટ કેશમાં થશે.
- આ ઈન્ડેક્સ દ્વારા તાજેતરમાં સપ્ટેમ્બર, ઓક્ટોબર અને નવેમ્બર 2020માં સમાપ્ત થતા ત્રણ વાયદા વ્યાપાર માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

**નોંધ :** (1) MCX એ ભારતનું નંબર-1 કોમોડિટી એક્સચેન્જ છે.

(2) ભારતમાં હાલ શેરબજાર માટે જેમ 'નિફ્ટી' અને 'સેન્સેક્સ' પ્રચલિત છે તેમ સોના ચાંદી બજાર માટે ભવિષ્યમાં કદાચ 'બુલડેક્સ' પ્રચલિત થઈ શકે છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE Questions

1. ભારતમાં નદી પરના ભારતના સૌથી લાંબા રોપવેનો કયા રાજ્યમાં પ્રારંભ થયો છે ?
(A) અરૂણાચલ પ્રદેશ (B) સિક્કિમ (C) આસામ (D) મણિપુર **(C)**

2. ભારતમાં નદી પરના ભારતના સૌથી લાંબા રોપવેનો કયા શહેરમાં પ્રારંભ થયો છે ?
(A) ઈટાનગર (B) ગુવાહાટી (C) ભૂવનેશ્વર (D) દિબ્રુગઢ **(B)**

3. ભારતમાં નદી પરના ભારતના સૌથી લાંબા રોપવેનો કઈ નદી પર પ્રારંભ થયો છે ?
(A) બ્રહ્મપુત્રા (B) ગંગા (C) યમુના (D) રાવી **(A)**

4. ભારતમાં આસામના ગુવાહાટી ખાતે બ્રહ્મપુત્રા નદી પર નદી પરના ભારતના સૌથી લાંબા રોપવેનો પ્રારંભ થયો છે...આ રોપવેના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેની લંબાઈ 1.82 કિમી છે.
2. તે ગુવાહાટીના કચેરીઘાટ અને ઉત્તર ગુવાહાટી વચ્ચે આવેલો છે.
3. તે બ્રહ્મપુત્રા નદીના દક્ષિણ અને ઉત્તર કિનારાને જોડે છે.
Ans. (A) 1, 2, 3 (B) 1, 2 (C) 1, 3 (D) 2, 3 **(A)**

5. ભારતના કયા રાજ્યમાં કોઈ ફૂટબોલરના નામ પરથી ભારતનું પ્રથમ સ્ટેડિયમ બનાવવામાં આવ્યું છે ?
(A) આસામ (B) ત્રિપુરા (C) સિક્કિમ (D) મણિપુર **(C)**

6. ભારતના સિક્કિમના કયા જિલ્લામાં કોઈ ફૂટબોલરના નામ પરથી ભારતનું પ્રથમ સ્ટેડિયમ બનાવવામાં આવ્યું છે ?
(A) ગંગતોક (B) મંગન (C) ગેજિંગ (D) નામચી **(D)**

7. ભારતમાં સિક્કિમના નામચી જિલ્લામાં ફૂટબોલરના નામ પરથી ભારતના પ્રથમ સ્ટેડિયમનું નિર્માણ કરવામાં આવ્યું છે...આ સ્ટેડિયમને કયા ફૂટબોલરનું નામ આપવામાં આવ્યું છે ?
(A) શ્રી લલિયનઝુઆલા ચાંગ્તે (B) શ્રી બાઈચુંગ ભુટિયા
(C) શ્રી સેમિનલેન દોન્ગલ (D) શ્રી જેરી લાલરિન્ઝુઆલા **(B)**

8. ઓગસ્ટ 2020 દરમિયાન ભારતમાં કોના દ્વારા ભારતનું પ્રથમ બુલિયન ઈન્ડેક્સ શરૂ કરવામાં આવ્યું છે ?
(A) BSE (B) Nifty (C) MCX (D) MNC **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**9. MCX અથવા તો Multi Commodity Exchange દ્વારા ભારતમાં શરૂ કરવામાં આવેલા ભારતના પ્રથમ બુલિયન એકસચેન્જનું નામ શું છે ?**

(A) બેલડેકસ (B) બુલડેકસ (C) બોલડેકસ (D) બિલડેકસ **(B)**

**10. ભારતમાં શેના ટ્રેડિંગ માટે MCX દ્વારા 'બુલડેકસ' નામના ભારતના પ્રથમ બુલિયન ઈન્ડેકસનો પ્રારંભ કરવામાં આવ્યો છે ?**

(A) સોનું (B) ચાંદી
(C) સોનું અને ચાંદી (D) સોનું, ચાંદી અને પ્લેટિનમ **(C)**

**11. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'બુલડેકસ' શું છે ?**

(A) તમિલનાડુમાં રમાતી બળદની સ્પર્ધા
(B) બળદની સ્પર્ધાની ભારતની પ્રથમ મોબાઈલ ગેમ
(C) ભારતનું પ્રથમ એગ્રો ઈન્ડેકસ
(D) ભારતનું પ્રથમ બુલિયન ઈન્ડેકસ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




**1 SEPTEMBER, 2020 TUESDAY**

## ➤ યુનિવર્સિટી કોલેજ લંડનના સંશોધકોએ વિશ્વની સૌથી ઝડપી ઈન્ટરનેટ સ્પીડ હાંસલ કરી

ટૂંકમાં UCL તરીકે ઓળખાતી ઈંગ્લેન્ડના લંડન ખાતે આવેલી University College London દ્વારા જાપાનના સંશોધકો સાથે મળીને વિશ્વની સૌથી ઝડપી ઈન્ટરનેટ સ્પીડ મેળવવામાં આવી છે.

- તેમણે થોડીવાર માટે ઈન્ટરનેટને 178 Tbpsની સ્પીડથી અથવા તો 1,78,000 Gbpsની સ્પીડથી ચાલતું કરી બતાવ્યું હતું.
- સામાન્ય રીતે ઈન્ટરનેટની ઝડપ Mbpsમાં મપાય છે.
- હાલ સમગ્ર વિશ્વની ઈન્ટરનેટની સરેરાશ ઝડપ આશરે 103 Mbps જેટલી છે.
- જ્યારે ભારતની ઈન્ટરનેટની સરેરાશ ડાઉનલોડ સ્પીડ લગભગ 10-11 Mbps જેટલી છે.
- તેની સામે UCL અને જાપાનના સંશોધકોએ 17.80 કરોડ Mbpsની ઝડપ મેળવી હતી.
- આ એ સ્પીડ છે કે જેની મદદથી માત્ર 1 સેકન્ડમાં Netflixની તમામ ફિલ્મો, તમામ સિરિઝ અને તમામ સિરિયલો ડાઉનલોડ કરી શકાય છે.
- આ અસાધારણ ઝડપ હાંસલ કરવા માટે UCL અને જાપાનના સંશોધકોએ હાલ વપરાતા ફાઈબર ઓપ્ટિકને બદલે હાયર રેન્જની વેવલેન્થનો તેમજ એમ્પ્લિફાયરની નવી ટેક્નોલોજીનો ઉપયોગ કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**Full Form**

| ક્રમ | ટૂંકુ નામ | Full Form |
|---|---|---|
| 1 | Tbps | Terabits Per Second |
| 2 | Gbps | Gigabits Per Second |
| 3 | Mbps | Megabits Per Second |

**નોંધ : Data Transfer Rateના સંદર્ભમાં –**

(1) 1 Tbps = 1000 Gbps થાય છે.

(2) 1 Gbps = 1000 Mbps થાય છે.

(3) 1 Mbps = 1000 Kbps થાય છે.

(4) 1 Tbps = 10 લાખ Mbps થાય છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ ગાંધીવાદી લેખક અને ઉત્તમ અનુવાદક શ્રી મોહન દાંડીકરનું નિધન



ગુજરાતી ભાષાના **પ્રસિદ્ધ લેખક અને ઉત્તમ અનુવાદક શ્રી મોહન દાંડીકરનું** **નવસારી**ની એક ખાનગી હોસ્પિટલમાં **હ્રદયરોગ**થી **88** વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ 9 નવેમ્બર 1932ના રોજ **ગુજરાત**માં **નવસારી** જિલ્લાના થયો હતો.
- જીવન પર્યંત **શિક્ષણ અને સાહિત્ય** સાથે સંકળાયેલા રહેલા શ્રી મોહન દાંડીકર **ગાંધી જીવન**ના અભ્યાસુ હતા.
- તેમણે 23 વર્ષ શિક્ષક તરીકે અને 10 વર્ષ શાળાના આચાર્ય તરીકે કામ કર્યું હતું.
- વર્ષો સુધી તેઓ **પાઠ્યપુસ્તક મંડળ**ના **હિન્દી વિષયના પરામર્શક** પણ રહયા હતા.
- તેમણે ધો**રણ 5 અને 9ના પાઠ્યપુસ્તકો**નું લેખન સંપાદન પણ કર્યું હતું.

### ઉત્તમ અનુવાદક

કુલ 70થી વધુ પુસ્તકો લખનાર **શ્રી મોહન દાંડીકર ઉત્તમ અનુવાદક** તરીકે પ્રસિદ્ધ છે.

- તેમણે અનેક પ્રસિદ્ધ **હિન્દી પુસ્તકોનું ગુજરાતીમાં ભાષાંતર** કર્યું છે.
- જેમાં **શ્રી ગિરિરાજ કિશોર** લિખિત મહાનવલનો તેમણે કરેલો ગુજરાતી અનુવાદ **'પહેલો ગિરમીટિયો'** ખૂબ જ પ્રસિદ્ધ છે.
- **900 પાનાં**ની આ દળદાર **નવલકથા** અથવા તો **મહાનવલ**માં લેખકે **મોહનમાંથી મહાત્મા સુધીની ગાંધીજીની જીવનયાત્રા**ને કલાત્મક રીતે વર્ણવી છે.
- આ ઉપરાંત તેમણે **શ્રી નરેન્દ્ર મોહન** લિખિત **'મન્ટો જિન્દા હૈ'** નો **'મન્ટો જીવે છે'** શીર્ષકથી અનુવાદ કર્યો છે.
- શ્રી મોહન દાંડીકર પ્રસિદ્ધ વાર્તાકાર **મન્ટોની વાર્તાઓ**ને ગુજરાતીમાં લાવનાર **પ્રથમ લેખક** છે.
- તેમણે અનુવાદ કરેલા અન્ય પ્રસિદ્ધ પુસ્તકોમાં **શ્રી રાજેન્દ્ર સિંહ બેદી**ની **'એક ચાદર મૈલી સી'**નો ગુજરાતી અનુવાદ, **શ્રી કમલેશ્વર**ની **'કિતને પાકિસ્તાન'** નવલકથાનો ગુજરાતી અનુવાદ તથા **શ્રી અજિત કૌર**ની આત્મકથા **'ખાનાબદોશ'**નો ગુજરાતી અનુવાદ વગેરેનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## એવોર્ડ

શ્રી મોહન દાંડીકરને **ગુજરાત સાહિત્ય અકાદમી** દ્વારા ત્રણ જેટલા **એવોર્ડ** એનાયત થયા છે.

- આ ઉપરાંત **દિલ્હી સાહિત્ય અકાદમી** તરફથી **'પહેલો ગિરમીટિયો'** માટે વર્ષ **2004**માં તેમને **સાહિત્ય આકાદમી અનુવાદ પુરસ્કાર** એનાયત થયો હતો.

**નોંધ :** (1) **શ્રી મોહન દાંડીકરે** અનુવાદિત કરેલા બે પુસ્તકો **'એક મેલી ચાદર'** અને **'મન્ટોની શ્રેષ્ઠ વાર્તાઓ'**નો **ભાવનગર યુનિવર્સિટી**માં BA તથા MAના અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

(2) 'મન્ટો' તરીકે પ્રસિદ્ધ **શ્રી સઆદત હસન મન્ટો** ભારતના **પંજાબ**માં જન્મેલા પ્રસિદ્ધ **ઉર્દૂ વાર્તાકાર, નાટ્યકાર અને અનુવાદક** હતા.

## ➤ એશિયામાં સૌથી લાંબુ આયુષ્ય ધરાવનાર અને સૌથી વધુ બચ્ચાને જન્મ આપનાર 'રાજમાતા' સિંહણનું અવસાન



તાજેતરમાં ગુજરાતમાં **ભાવનગર**ના **પાલીતાણા** ખાતેના **વડાલ એનિમલ કેર સેન્ટર** ખાતે સારવાર હેઠળ રહેલ **'રાજમાતા'** નામની **સિંહણ**નું વધારે ઉંમરને કારણે **19-20 વર્ષ**ની વયે મોત થયું છે.

- **19-20 વર્ષ**ની ઉંમર ધરાવતી **'રાજમાતા'** નામની આ **સિંહણ**ને નામે **એશિયામાં સૌથી લાંબુ આયુષ્ય ધરાવવાનો રેકોર્ડ** હોવાનું કહેવાય છે.
- આ ઉપરાંત **7 થી 9 વખતની પ્રસુતિ**માં આ સિંહણે **15 સિંહબાળ**ને જન્મ આપ્યો હતો.
- જે **એશિયાટિક સિંહોમાં સૌથી વધુ બચ્ચાને જન્મ આપવાનો એક રેકોર્ડ** છે.
- ગુજરાતમાં **અમરેલી** જિલ્લાના **લીલીયા** તાલુકાની **ક્રાંકચ રેન્જ**માં સૌપ્રથમ 'રાજમાતા' નામની આ જ સિંહણ આવી હતી.
- અને આ વિસ્તારમાં આવેલા હાલ 50થી 60 સિંહ, સિંહણ અને બચ્ચાઓમાંથી લગભગ **43** જેટલા સિંહ, સિંહણ અને બચ્ચાઓ આ **'રાજમાતા'ના જ વંશજો** છે.
- આથી, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના ક્રાંકચ અને તેની આજુબાજુના વિસ્તારમાં સિંહોનો એક હર્યોભર્યો પરિવાર વસાવવાનું બહુમાન આ 'રાજમાતા'ને જ મળેલું છે.

**નોંધ :** (1) 'રાજમાતા' નામની આ સિંહણના ગળામાં વર્ષ **2007-08**થી **'રેડીયો કોલર'** લગાવવામાં આવ્યું હતું.

(2) આથી, વર્ષોથી 'રાજમાતા'ના ગળામાં રેડીયો કોલર હોવાથી આ સિંહણ 'રાજમાતા'ને **'રેડિયો કોલર'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE Questions

1. તાજેતરમાં ઈંગ્લેન્ડની કઈ સંસ્થાના સંશોધકો દ્વારા વિશ્વની સૌથી ઝડપી 178 Tbpsની ઈન્ટરનેટ સ્પીડ મેળવવામાં આવી હતી ?
(A) કિંગ્સ કોલેજ લંડન (B) યુનિવર્સિટી કોલેજ લંડન
(C) ઈમ્પિરિયલ કોલેજ લંડન (D) યુનિવર્સિટી ઓફ ગ્રીનવિચ લંડન (B)

2. તાજેતરમાં ઈંગ્લેન્ડની યુનિવર્સિટી કોલેજ લંડન દ્વારા કયા દેશના સંશોધકો સાથે મળીને વિશ્વની સૌથી ઝડપી 178 Tbpsની ઈન્ટરનેટ સ્પીડ મેળવવામાં આવી છે ?
(A) અમેરિકા (B) રશિયા (C) જાપાન (D) ફ્રાન્સ (C)

3. યુનિવર્સિટી કોલેજ લંડન (UCL) અને જાપાનના સંશોધકો દ્વારા વિશ્વની સૌથી ઝડપી કેટલા Tbpsની ઈન્ટરનેટ સ્પીડ મેળવવામાં આવી હતી ?
(A) 172 Tbps (B) 174 Tbps (C) 176 Tbps (D) 178 Tbps (D)

4. ડેટા ટ્રાન્સફર કરવા માટે નીચેનામાંથી ઈન્ટરનેટની સૌથી વધુ સ્પીડ શેમાં જોવા મળે છે ?
(A) Kbps (B) Gbps (C) Tbps (D) Mbps (C)

5. ડેટા ટ્રાન્સફર કરવા માટે નીચેનામાંથી ઈન્ટરનેટની સૌથી ઓછી સ્પીડ શેમાં જોવા મળે છે ?
(A) Kbps (B) Gbps (C) Tbps (D) Mbps (A)

6. શ્રી મોહન દાંડીકરનું તાજેતરમાં નિધન થયું છે....તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?
(A) સંગીત (B) રાજનીતિ અને અર્થશાસ્ત્ર
(C) પત્રકારત્વ (D) શિક્ષણ અને સાહિત્ય (D)

7. મન્ટોની વાર્તાઓનો ગુજરાતી ભાષામાં સૌપ્રથમ અનુવાદ કરનાર કયા પ્રસિદ્ધ ગુજરાતી અનુવાદકનું તાજેતરમાં નિધન થયું છે ?
(A) શ્રી મોહન દિવાકર (B) શ્રી મોહન કારોડકર
(C) શ્રી મોહન દાંડીકર (D) શ્રી મોહન વિભાકર (C)

8. ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ અનુવાદક શ્રી મોહન દાંડીકરનું તાજેતરમાં નિધન થયું છે... તેમનો જન્મ કયાં થયો હતો ?
(A) પોરબંદર (B) સાબરમતી (C) દાંડી (D) રાજકોટ (C)

9. શ્રી મોહન દાંડીકરને 900 પાનાંની કઈ મહાનવલના અનુવાદ માટે દિલ્હી સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર એનાયત થયો હતો ?
(A) એક મેલી ચાદર (B) પહેલો ગિરમીટિયો
(C) મન્ટો જીવે છે (D) મન્ટોની શ્રેષ્ઠ વાર્તાઓ (B)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**10.** ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ અનુવાદક શ્રી મોહન દાંડીકરનો ગુજરાતના કયા જિલ્લામાં જન્મ થયો હતો ?
(A) નવસારી (B) સુરત (C) વલસાડ (D) વડોદરા **(A)**

**11.** એશિયામાં સૌથી લાંબુ આયુષ્ય ધરાવનાર અને સૌથી વધુ બચ્ચાને જન્મ આપવાનો એશિયાટિક સિંહણનો રેકોર્ડ ધરાવનાર કઈ સિંહણનું તાજેતરમાં અવસાન થયું છે ?
(A) રાજમાતા (B) રાજાણી (C) મહાદેવી (D) રાજદેવી **(A)**

**12.** ગુજરાતના કયા શહેર પાસે આવેલા વડાલ એનિમલ કેર સેન્ટરમાં 'રાજમાતા' નામની પ્રસિદ્ધ સિંહણનું મોત થયું છે ?
(A) પાલનપુર (B) પાલીતાણા (C) હિંમતનગર (D) વાંકાનેર **(B)**

**13.** ગુજરાતના કયા જિલ્લાના કયા તાલુકાના કાંક્ચ નામના વિસ્તારમાં 43 સાવજનો વિશાળ પરિવાર વસાવનાર 'રાજમાતા' સિંહણનું અવસાન થયું છે ?
(A) રાજુલા, અમરેલી (B) બાબરા, અમરેલી
(C) લીલીયા, અમરેલી (D) જાફરાબાદ, અમરેલી **(C)**

**14.** 'રેડીયો કોલર' તરીકે ઓળખાતી કઈ સિંહણનું તાજેતરમાં મોત થયું છે ?
(A) રાજમાતા (B) રાજાણી (C) મહાદેવી (D) રાજદેવી **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## 2 SEPTEMBER, 2020 WEDNESDAY

### ➤ દિવસ મહિમા : 2 સપ્ટેમ્બર, વિશ્વ નારિયળ દિવસ (World Coconut Day)

### ➤ હૈદરાબાદના શ્રી નીલકાંત ભાનુ પ્રકાશ માઈન્ડ સ્પોર્ટ્સ ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય બન્યા


તાજેતરમાં ઈંગ્લેન્ડના લંડન ખાતે Mind Sports Olympiad (MSO) 2020નું આયોજન થયું હતું.

- ઈંગ્લેન્ડના લંડન ખાતે યોજાયેલા આ માઈન્ડ સ્પોર્ટ્સ ઓલિમ્પિયાડમાં શ્રી નીલકાંત ભાનુ પ્રકાશે મેન્ટલ કાઉન્ટ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો છે.
- આ સાથે જ ભારતના હૈદરાબાદના શ્રી નીલકાંત ભાનુ પ્રકાશ માઈન્ડ સ્પોર્ટ્સ ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય બની ગયા છે.
- ગણિતશાસ્ત્રના વિદ્યાર્થી શ્રી નીલકાંત ભાનુ પ્રકાશનું મગજ કેલ્ક્યુલેટરની ગતિ કરતા ઝડપી ગણતરી કરે છે.
- શ્રી નીલકાંત ભાનુ પ્રકાશ 'વિશ્વના સૌથી ઝડપી માનવ કેલ્ક્યુલેટર' તરીકે પણ પ્રસિદ્ધ છે.

**નોંધ :** 'વિશ્વના સૌથી ઝડપી માનવ કેલ્ક્યુલેટર' તરીકે શ્રી નીલકાંત ભાનુ પ્રકાશે 4 વર્લ્ડ રેકોર્ડ અને 50 લિમ્કા રેકોર્ડ નોંધાવ્યા છે.



## ➢ એક આદર્શ શિક્ષક અને 'પુસ્તક પરબ'ના પ્રણેતા શ્રી પ્રતાપભાઈ પંડયાનું નિધન



"શિક્ષક એટલે થનગનતું યૌવન,

રણઝણતું ઝરણું, ઘૂઘવતો સાગર,

ઊગતો સૂર્ય, ધોધમાર વરસાદ,

ગૂંજતો ભ્રમર અને તેજનો ફૂવારો..."

– શ્રી પ્રતાપભાઈ પંડયા

ગુજરાતના એક આદર્શ શિક્ષક અને 'પુસ્તક પરબ'ના પ્રણેતા શ્રી પ્રતાપભાઈ પંડયાનું વડોદરા ખાતે નિધન થયું છે.

- તેમનો જન્મ ગુજરાતમાં **અમરેલી** જિલ્લાના **લાઠી** તાલુકાના **અડતાળા** નામના ગામમાં થયો હતો.
- તેઓ જે શાળાના શિક્ષક હતા એ શાળાને 1961માં જિલ્લાની શ્રેષ્ઠ શાળાનું પારિતોષિક મળ્યું હતું.
- નિવૃત્તિ બાદ તેમણે તેઓ જે શાળાના શિક્ષક હતા એ **અમરેલી** જિલ્લાની **ઈશ્વરીયા** ગામની પ્રાથમિક શાળાને તેમણે **રૂ. 11 લાખ** દાનમાં આપીને એક નવો જ ચીલો ચાતર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### 'પુસ્તક પરબ'ના પ્રણેતા

શ્રી પ્રતાપભાઈ પંડયાનું ખૂબ જ મહત્ત્વનું યોગદાન એટલે તેમણે **વડોદરા**માં **'પુસ્તક પરબ'** નામની સંસ્થાની કરેલી સ્થાપના.

- આ સંસ્થા દ્વારા તેમણે **ભારત**માં લગભગ **140 ઘર પુસ્તકાલયો** અને **અમેરિકા**માં **6 પુસ્તકાલયો**ની સ્થાપના કરીને ઘર ઘર સુધી પુસ્તકો પહોંચાડયા હતા.
- તેઓ **ગુજરાત પુસ્તકાલય સહકારી મંડળી**ના પ્રમુખ પણ રહયા હતા.

### પુસ્તકો

શ્રી પ્રતાપભાઈ પંડયાએ લખેલા પુસ્તકોમાં **'લાગણીનો દસ્તાવેજ'**, **'શિક્ષણ જ્ઞાનની પરબ'**, **'સો ડગલા સુખના'**, **'રવિશંકર મહારાજ'** અને **'વેદવાણી'** જેવા જીવનલક્ષી પુસ્તકોનો સમાવેશ થાય છે.

**નોંધ :** (1) શ્રી પ્રતાપભાઈ પંડયાએ **વડોદરા**માં મિત્રો સાથે મળીને **'સૂરવાણી'** નામની સંસ્થાની પણ શરૂઆત કરી હતી.

(2) શ્રી પ્રતાપભાઈ પંડયાએ જે શાળામાં રૂ. 11 લાખનું દાન આપ્યું હતું એ શાળામાં જ કેન્દ્રીય મંત્રી **શ્રી પુરૂષોત્તમ રૂપાલા** તેમના વિદ્યાર્થી હતા.

## ➤ 'પ્રણવદા' તરીકે પ્રસિદ્ધ ભારતના 13મા રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જીનું નિધન



**'પ્રણવદા'**ના હુલામણા નામથી પ્રસિદ્ધ ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ **શ્રી પ્રણવ મુખર્જી**નું 31 ઓગસ્ટ 2020ના રોજ **દિલ્હીની આર્મી હોસ્પિટલ**માં 84 વર્ષની વયે નિધન થયું છે.

- તેઓ ઘણા સમયથી બીમાર હતા અને થોડા દિવસ અગાઉ તેમનો કોરોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હતો.

### જન્મ

શ્રી પ્રણવ મુખર્જીનો જન્મ **11 ડિસેમ્બર 1935**ના રોજ **પશ્ચિમ બંગાળ**ના **વીરભૂમ** જિલ્લાના **મિરાતી** નામના એક ગામમાં થયો હતો.

- તેમનું પૂરું નામ **શ્રી પ્રણવ કુમાર કામદા કિંકર મુખર્જી** હતું.

### કલાર્ક, લેકચરર, વકીલ અને પત્રકાર

શ્રી પ્રણવ મુખર્જીએ **કોલકાતા યુનિવર્સિટી**માંથી **પોલિટિકલ સાયન્સ** અને **ઈતિહાસ**માં એમ. એ. કર્યું હતું. તેઓ **L.L.B.** પણ થયા હતા.

- ત્યારબાદ તેમણે **કલાર્ક** તરીકે પણ ફરજ બજાવી હતી.
- 1963માં તેઓ કોલકાતાની વિદ્યાનગર કોલેજમાં પોલિટિકલ સાયન્સના **લેકચરર** પણ રહ્યા હતા.
- પત્રકાર તરીકે તેમણે પ્રસિદ્ધ બંગાળી પ્રકાશન **'દેશેર ડાક' (માતૃભૂમિનો સાદ)** માટે કામ કર્યું હતું.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- તેઓ બંગિયા સાહિત્ય પરિષદના ટ્રસ્ટી પણ બન્યા હતા.
- ત્યારબાદ નિખિલ ભારત બંગ સાહિત્ય સંમેલનના પ્રમુખ રહયા હતા.

**નોંધ :** શ્રી પ્રણવ મુખર્જીએ વકીલાતની પણ પ્રેકટીસ કરી હતી.

## રાજકીય કારકિર્દી

શ્રી પ્રણવ મુખર્જી કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતા હતા.

- તેમને UPA સરકાર તથા કોંગ્રેસ પક્ષના 'સંકટમોચક' તરીકે ઓળખવામાં આવતા હતા.
- તેઓ રાજનાયક હતા તો અર્થશાસ્ત્રી તરીકે પણ ઓળખાતા હતા.
- તેઓ ભારતના વાણિજય મંત્રી, વિદેશ મંત્રી, સંરક્ષણ મંત્રી અને નાણામંત્રી પણ રહયા હતા.
- આ ઉપરાંત તેઓ ભારતમાં યોજના આયોગના ઉપાધ્યક્ષ તેમજ ભારતની રાજ્યસભા તથા લોકસભાના અધ્યક્ષ પણ રહયા હતા.
- શ્રી પ્રણવ મુખર્જીની રાજકીય કારકિર્દીનો પ્રારંભ 1967માં 'બંગાળ કોંગ્રેસ'ના સ્થાપક સભ્ય તરીકે થયો હતો.

## રાજ્યસભાના સભ્ય

શ્રી પ્રણવ મુખર્જી સૌપ્રથમ વખત 1969માં રાજ્યસભાના સભ્ય બન્યા હતા.

- ત્યારબાદ તેઓ 1975, 1981, 1993 અને 1999માં એમ કુલ પાંચ વખત રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા.

**નોંધ :** શ્રી પ્રણવ મુખર્જી જ્યારે પ્રથમ વખત રાજ્યસભાના સભ્ય બન્યા ત્યારે તેમની ઉંમર માત્ર 34 વર્ષની હતી.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## લોકસભાના સભ્ય

શ્રી પ્રણવ મુખર્જી સૌપ્રથમ વખત પશ્ચિમ બંગાળની જંગીપુર લોકસભા સીટ પરથી વર્ષ 2004માં લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા.

- ત્યાર બાદ વર્ષ 2009માં ફરીથી લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા.

## યોજના આયોગના ઉપાધ્યક્ષ

શ્રી પ્રણવ મુખર્જી શ્રી પી. વી. નરસિંહરાવની સરકારમાં વર્ષ 1991થી 1996 દરમિયાન ભારતમાં યોજના આયોગ (Planning Comission)ના ઉપાધ્યક્ષ પણ રહયા હતા.

## ભારતના વાણિજ્ય મંત્રી

શ્રી પ્રણવ મુખર્જી સૌપ્રથમ 1980માં અને ત્યારબાદ 1984 અને 1993માં એમ કુલ ત્રણ વખત ભારતના વાણિજ્ય મંત્રી (Commerce Minister of India) રહયા હતા.

- જેમાં 1980થી 1982 દરમિયાન તેઓ ભારતના વાણિજ્ય, સ્ટીલ અને ખાણ મંત્રી હતા.
- જ્યારે 1984માં તેઓ ભારતના વાણિજ્ય અને સપ્લાય મંત્રી બન્યા હતા.

## ભારતના વિદેશ મંત્રી

શ્રી પ્રણવ મુખર્જી બે વખત ભારતના વિદેશમંત્રી રહયા હતા.

- તેઓ સૌપ્રથમ 1995થી 1996 દરમિયાન શ્રી પી. વી. નરસિંહરાવની સરકારમાં ભારતના વિદેશ મંત્રી રહયા હતા.
- ત્યારબાદ શ્રી પ્રણવ મુખર્જી ડો. મનમોહન સિંહની સરકારમાં વર્ષ 2006થી 2009 દરમિયાન ભારતના વિદેશ મંત્રી રહયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતના સંરક્ષણ મંત્રી

શ્રી પ્રણવ મુખર્જી ડો. મનમોહન સિંહની સરકારમાં વર્ષ 2004થી 2006 દરમિયાન ભારતના સંરક્ષણ મંત્રી રહયા હતા.

## ભારતના નાણા મંત્રી

શ્રી પ્રણવ મુખર્જી બે વખત ભારતના નાણા મંત્રી રહયા હતા.

- તેઓ સૌપ્રથમ 1982થી 1984 દરમિયાન શ્રીમતી ઈન્દિરા ગાંધીની સરકારમાં ભારતના નાણામંત્રી બન્યા હતા.
- એ સમયે ન્યુયોર્કથી પ્રકાશિત 'યૂરોમની' દ્વારા પ્રસિદ્ધ થયેલા એક સર્વે અનુસાર 1984માં વિશ્વના શ્રેષ્ઠ નાણા મંત્રીઓમાં શ્રી પ્રણવ મુખર્જીનો સમાવેશ થયો હતો.

- શ્રી પ્રણવ મુખર્જી જ્યારે પ્રથમ વખત ભારતના નાણા મંત્રી બન્યા ત્યારે ડૉ. મનમોહન સિંહ RBIના ગવર્નર હતા.
- ત્યારબાદ ડૉ. મનમોહન સિંહની સરકારમાં તેઓ વર્ષ 2009થી 2012 દરમિયાન ભારતના નાણા મંત્રી રહયા હતા.

**નોંધ :** શ્રી પ્રણવ મુખર્જી 1973માં શ્રીમતી ઈન્દિરા ગાંધીના મંત્રી મંડળમાં કેન્દ્રીય ઔદ્યોગિક વિકાસ નાયબ મંત્રી (Union Deputy Minister of Industrial Development) પણ રહયા હતા.

## ભારતના રાષ્ટ્રપતિ

શ્રી પ્રણવ મુખર્જી ભારતના 13મા રાષ્ટ્રપતિ હતા.

- તેઓ 25 જુલાઈ 2012ના રોજ શ્રી પી. એ. સંગ્માને પરાજય આપીને ભારતના રાષ્ટ્રપતિ બન્યા હતા.
- ભારતના 13મા રાષ્ટ્રપતિ તરીકે તેમનો કાર્યકાળ 25 જુલાઈ 2012થી 25 જુલાઈ 2017 સુધીનો હતો.
- શ્રી પ્રણવ મુખર્જી જ્યારે ભારતના રાષ્ટ્રપતિ હતા ત્યારે ડૉ. મનમોહન સિંહ અને શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના વડાપ્રધાન હતા.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) શ્રી પ્રણવ મુખર્જી શ્રીમતી પ્રતિભા પાટિલના સ્થાને ભારતના 13મા રાષ્ટ્રપતિ બન્યા હતા.

(2) શ્રી પ્રણવ મુખર્જી બાદ શ્રી રામનાથ કોવિંદ ભારતના 14મા રાષ્ટ્રપતિ તરીકે હાલ કાર્યરત છે.

## આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્ત્વના હોદ્દા

શ્રી પ્રણવ મુખર્જીએ આંતરરાષ્ટ્રીય સ્તરે સંભાળેલા મહત્ત્વના હોદ્દાઓ આ પ્રમાણે છે :

(1) IMF, World Bank, Asian Development Bank (ADB) અને African Developement Bankમાં બોર્ડ ઓફ ગવર્નન્સના સભ્ય.

(2) IMF અને World Bank સાથે સંકળાયેલા Group of 24ના અધ્યક્ષ (1984 અને 2009-2012).

(3) SAARC Council of Ministers Conference 1995ના પ્રેસિડેન્ટ.

## પુસ્તકો

શ્રી પ્રણવ મુખર્જીએ લખેલા પુસ્તકોમાં નીચેના પુસ્તકોનો સમાવેશ થાય છે :

(1) Beyond Survival : Emerging Dimensions of Indian Economy
(2) Off Track : A few Comments on Current Affairs
(3) Challenges Before the Nation : Saga of Struggle and Sacrifice
(4) A Centenary History of the Indian National Congress
(5) Congress and the Making of the Indian Nation
(6) Thoughts and Reflections
(7) The Dramatic Decade : The Indira Gandhi Years
(8) The Trubulent Years : 1980-1996
(9) The Coalition Years : 1996-2012

## એવોર્ડ

શ્રી પ્રણવ મુખર્જીને એનાયત થયેલા કેટલાક મહત્ત્વના એવોર્ડના નામ આ પ્રમાણે છે :

(1) પદ્મ વિભૂષણ (2008)
(2) ભારત રત્ન (2019)

- તેમને બાંગ્લાદેશ, આઈવરી કોસ્ટ, અબિદજાન અને સાયપ્રસના પ્રતિષ્ઠિત એવોર્ડ પણ એનાયત થયા હતા. જેમ કે,

(1) Bangladesh Liberation War Honour (2013)
(2) Grand Cross of National Order of the Ivory Coast (2016)
(3) Grand Collar of the Order of Makarios III (સાયપ્રસ : 2017)
(4) Honorary Citizenship of Abidjan, Ivory Coast (2016)

- આ ઉપરાંત શ્રી પ્રણવ મુખર્જીને –

(1) Best Finance Minister in the World (1984) ('Euromone' મેગેઝિન સર્વે અનુસાર)
(2) Finance Minister of the Year of Asia (2010) (IMF અને World Bankના રેકોર્ડ અનુસાર 'Emerging Markets' નામના ન્યુઝ પેપર દ્વારા)
(3) Finance Minister of Year (2010) (The Banker)

સહિતના અનેક મહત્ત્વના એવોર્ડ એનાયત થયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) શ્રી પ્રણવ મુખર્જી શ્રીમતી ઈન્દિરા ગાંધીના અત્યંત વિશ્વાસુ હતા. જોકે શ્રી રાજીવ ગાંધીના સમયમાં તેમને 'સાઈડ લાઈન' કરવામાં આવ્યા હતા. ત્યારબાદ શ્રી પી. વી. નરસિંહરાવ અને શ્રીમતી સોનિયા ગાંધીના સમયમાં તેઓ કોંગ્રેસમાં મહત્ત્વના પદો પર ફરીથી સક્રિય થયા હતા.

(2) શ્રી પ્રણવ મુખર્જીએ શ્રી રાજીવ ગાંધીના સમયમાં 1986માં પશ્ચિમ બંગાળમાં 'રાષ્ટ્રીય સમાજવાદી કોંગ્રેસ' (RSC) નામના નવા પક્ષની પણ સ્થાપના કરી હતી. જેનો ત્રણ વર્ષ બાદ શ્રી રાજીવ ગાંધી સાથે સમજૂતી થતાં કોંગ્રેસ પક્ષમાં વિલય કરવામાં આવ્યો હતો.

(3) શ્રી પ્રણવ મુખર્જીએ 7 જૂન 2018ના રોજ મહારાષ્ટ્રના નાગપુર ખાતે આવેલા RSSના હેડક્વાર્ટરમાં 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ'ને સંબોધન કર્યું હતું. અને એ સાથે જ તેઓ RSSને સંબોધન કરનાર ભારતના પ્રથમ પૂર્વ રાષ્ટ્રપતિ બની ગયા હતા.

(4) ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જીના નિધન બાદ ભારતમાં સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

YouTube
ICE RAJKOT
SUBSCRIBE

ICE CURRENT NEWS
કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા
આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ

દરેક નવા વીડિયોના NOTIFICATION
માટે BELL icon PRESS કરો.

## ICE Questions

1. ‘વિશ્વ નારિયળ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 1 સપ્ટેમ્બર (B) 2 સપ્ટેમ્બર (C) 3 સપ્ટેમ્બર (D) 4 સપ્ટેમ્બર **(B)**

2. માઈન્ડ સ્પોર્ટ્સ ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતનાર ભારતના પ્રથમ યુવાન કોણ છે ?
(A) શ્રી અભિજીત વિશ્વ પ્રકાશ (B) શ્રી અભિનવ વિશ્વ પ્રકાશ
(C) શ્રી નીલકાંત ભાનુ પ્રકાશ (D) શ્રી નીલજીત ભાનુ પ્રકાશ **(C)**

3. શ્રી નીલકાંત ભાનુ પ્રકાશે કઈ જગ્યાએ યોજાયેલા ‘માન્ડ સ્પોર્ટ્સ ઓલિમ્પિયાડ 2020’ માં ભારત માટે પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યો છે ?
(A) પેરીસ (B) ન્યુયોર્ક (C) મોસ્કો (D) લંડન **(D)**

4. ભારતના કયા યુવાને ‘વિશ્વના સૌથી ઝડપી માનવ કેલ્કયુલેટર’ તરીકે 4 વર્લ્ડ રેકોર્ડ અને 50 લિમ્કા રેકોર્ડ નોંધાવ્યા છે ?
(A) શ્રી અભિજીત વિશ્વ પ્રકાશ (B) શ્રી અભિનવ વિશ્વ પ્રકાશ
(C) શ્રી નીલકાંત ભાનુ પ્રકાશ (D) શ્રી નીલજીત ભાનુ પ્રકાશ **(C)**

5. ‘પુસ્તક પરબ’ના પ્રણેતા કયા ગુજરાતના પ્રસિદ્ધ શિક્ષકનું તાજેતરમાં નિધન થયું છે ?
(A) શ્રી પ્રતાપભાઈ પંડયા (B) શ્રી પ્રતાપભાઈ પટેલ
(C) શ્રી પ્રતાપભાઈ પાટિલ (D) શ્રી પ્રતાપભાઈ પુરોહિત **(A)**

6. ‘પુસ્તક પરબ’ નામની સંસ્થા દ્વારા લોકોના ઘર સુધી પુસ્તક પહોંચાડનાર શ્રી પ્રતાપભાઈ પંડયાનું નિધન થયું છે.... તેમનો જન્મ ગુજરાતના કયા જિલ્લાના અડતાળા ગામમાં થયો હતો ?
(A) ભાવનગર (B) અમરેલી (C) વડોદરા (D) રાજકોટ **(B)**

7. ભારતના કયા શહેરની આર્મી હોસ્પિટલમાં ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જીનું નિધન થયું છે ?
(A) દિલ્હી (B) કોલકાતા
(C) મુંબઈ (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

8. શ્રી પ્રણવ મુખર્જી ભારતના કેટલામા રાષ્ટ્રપતિ હતા ?
(A) 11મા (B) 12મા (C) 13મા (D) 14મા **(C)**

9. શ્રી પ્રણવ મુખર્જી કોના સ્થાને ભારતના 13મા રાષ્ટ્રપતિ બન્યા હતા ?
(A) શ્રી એ. પી. જે. અબ્દુલ કલામ (B) શ્રીમતી પ્રતિભા પાટીલ
(C) શ્રી કે. આર. નારાયણ (D) શ્રી શંકર દયાળ શર્મા **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

10. શ્રી પ્રણવ મુખર્જી જ્યારે ભારતના રાષ્ટ્રપતિ હતા ત્યારે ભારતના વડાપ્રધાન કોણ હતા ?
(A) ડો. મનમોહન સિંહ (B) શ્રી નરેન્દ્રભાઈ મોદી
(C) A અને B બંને (D) ત્રણમાંથી કોઈ નહિ (C)

11. શ્રી પ્રણવ મુખર્જી કયારે ભારતના રાષ્ટ્રપતિ બન્યા હતા ?
(A) 2009 (B) 2010 (C) 2011 (D) 2012 (D)

12. શ્રી પ્રણવ મુખર્જીનો જન્મ કયારે થયો હતો ?
(A) 11 ડિસેમ્બર, 1930 (B) 11 ડિસેમ્બર, 1935
(C) 11 ડિસેમ્બર, 1940 (D) 11 ડિસેમ્બર, 1945 (B)

13. શ્રી પ્રણવ મુખર્જીનો જન્મ પશ્ચિમ બંગાળના વીરભૂમ અથવા તો બીરભૂમ જિલ્લાના કયા ગામમાં થયો હતો ?
(A) મેરાપી (B) મેવાતી (C) મિરાતી (D) મેવાલી (C)

14. શ્રી પ્રણવ મુખર્જીના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેઓ ત્રણ વખત ભારતના વાણિજય મંત્રી રહયા હતા.
2. તેઓ બે વખત ભારતના વિદેશ મંત્રી રહયા હતા.
3. તેઓ ડો. મનમોહન સિંહની સરકારમાં ભારતના સંરક્ષણ મંત્રી રહયા હતા.
4. તેઓ ભારતમાં રાજ્યસભા તથા લોકસભાના અધ્યક્ષ રહયા હતા.
5. તેઓ ભારતમાં યોજના આયોગ (Planning Comition)ના અધ્યક્ષ રહયા હતા.
Ans.(A) 1, 2, 3, 4, 5 (B) 2,3, 4, 5 (C) 1, 2, 3, 4 (D) 2, 3, 4 (C)

15. શ્રી પ્રણવ મુખર્જી કેટલી વખત ભારતના નાણા મંત્રી રહયા હતા ?
(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર (B)

16. 'The Trubulent Years : 1980-1996' કોનું પ્રસિદ્ધ પુસ્તક છે ?
(A) શ્રી અરૂણ જેટલી (B) શ્રી એમ. વેંકૈયા નાયડુ
(C) શ્રી પ્રણવ મુખર્જી (D) શ્રી રાજદીપ સરદેસાઈ (C)

17. 'The Coalition Years : 1996-2012' કોનું પ્રસિદ્ધ પુસ્તક છે ?
(A) શ્રી અરૂણ જેટલી (B) શ્રી એમ. વેંકૈયા નાયડુ
(C) શ્રી પ્રણવ મુખર્જી (D) શ્રી રાજદીપ સરદેસાઈ (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**18.** શ્રી પ્રણવ મુખર્જીને એનાયત થયેલા પુરસ્કારોમાં નીચેનામાંથી કયા પુરસ્કારનો સમાવેશ થાય છે ?

1. પદ્મ શ્રી 2.પદ્મ ભૂષણ 3.પદ્મ વિભૂષણ 4. ભારત રત્ન

Ans.(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 3, 4 (D) 2, 4 **(C)**

**19.** શ્રી પ્રણવ મુખર્જીને ભારતનો સર્વોચ્ચ 'ભારત રત્ન' પુરસ્કાર કયારે એનાયત થયો હતો ?

(A) 2010 (B) 2017 (C) 2018 (D) 2019 **(D)**

**20.** શ્રી પ્રણવ મુખર્જીએ પશ્ચિમ બંગાળમાં કયા નવા પક્ષની સ્થાપના કરી હતી ?

(A) બંગાળ સમાજવાદી પાર્ટી (B) બંગાળ જનતા કોંગ્રેસ

(C) રાષ્ટ્રીય જનતા કોંગ્રેસ (D) રાષ્ટ્રીય સમાજવાદી કોંગ્રેસ **(D)**




**3 SEPTEMBER, 2020 THURSDAY**

## ➤ ગુજરાતમાં ગેરકાયદે જમીન પચાવી પાડવાના કિસ્સા અટકાવવા 'ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ-2020'ને કેબિનેટની મંજૂરી

ગુજરાતના ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં 'ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) એક્ટ 2020' (Gujarat Land Grabbing Prohibition Act 2020)ને મંજૂરી આપવામાં આવી છે.

- આ કાયદાનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતમાં લેન્ડ ગ્રેબિંગ એટલે કે ગેરકાયદેસર જમીન પચાવી પાડવાની પ્રવૃત્તિઓ અટકાવવાનો અને ગેરકાયદે જમીન પચાવી પાડતા ભૂમાફિયાઓ પર અંકુશ મૂકવાનો છે.

### મહત્ત્વની જોગવાઈ

આ એક્ટમાં કરવામાં આવેલી મહત્ત્વની જોગવાઈ આ પ્રમાણે છે :

(1) ગુજરાતમાં કોઈપણ સ્વરૂપે જમીન હડપવી કે જમીન હડપવાના હેતુથી કરેલી અન્ય ગતિવિધિ પ્રતિબંધિત, ગેરકાનૂની અને દંડનીય અપરાધ ગણાશે.

(2) આવી જમીન હડપ કરવાના કેસોની ઝડપી સુનાવણી માટે વિશેષ કોર્ટ (Special Court)ની રચના કરવામાં આવશે.

(3) અદાલતમાં કેસ દાખલ થયાના 6 મહિનામાં કેસનો નિકાલ કરવામાં આવશે.

(4) લેન્ડ ગ્રેબર એટલે કે ભૂમાફિયા ઉપર બર્ડન ઓફ પ્રૂફની એટલે કે જમીનની માલિકી પોતાની હોવાની પૂરવાર કરવાની જવાબદારી રહેશે.

(5) જમીન પચાવી પાડવાના કેસની તપાસ DySP કક્ષાના દરજ્જાથી ઉતરતી કક્ષાના દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારી દ્વારા કરવામાં આવશે.

(6) દરેક વિશેષ કોર્ટમાં એક સરકારી વકીલ (પબ્લિક પ્રોસિક્યુટર)ની નિમણૂક કરવામાં આવશે.

### સજા અને દંડની જોગવાઈ

આ એક્ટમાં ગુજરાતમાં ગેરકાયદે જમીન પચાવી પાડવાના કૃત્યો અટકાવવા માટે આકરી સજા અને દંડની જોગવાઈ કરવામાં આવી છે. જે આ પ્રમાણે છે :

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(1) ગુનેગારને **10થી 14 વર્ષની** સજા. એટલે કે ગુનેગારને **ઓછામાં ઓછી 10 વર્ષની અને વધુમાં વધુ 14 વર્ષની** સજા થશે.

(2) આ ઉપરાંત તેને **જમીનની જંત્રીની કિંમત** જેટલો દંડ પણ થશે.

## જમીન પચાવી પાડનારની વ્યાખ્યા

આ એકટ અંતર્ગત જમીન પચાવી પાડનારની વ્યાખ્યામાં નીચેની વ્યકિતઓનો સમાવેશ કરવામાં આવ્યો છે :

- જમીનનો ગેરકાયદેસર કબ્જો લેનાર
- ગેરકાયદે જમીન પર બાંધકામ માટે નાણાકીય સહાય કરનાર
- ભોગવટેદારો પાસેથી ધાક-ધમકીથી ભાડુ, વળતર કે અન્ય વસૂલાત કરનાર અને તેમાં મદદગારી કરનાર
- આ ઉપરાંત જમીન ખરીદ વેચાણની ગેરરીતિ આચરવાના કિસ્સામાં જો કોઈ કંપની કે વેપારી પેઢી સામેલ હશે તો **તેના જવાબદાર વહીવટકર્તા** તથા **તેના ભાગીદારોને** પણ આ એકટ અંતર્ગત ગુનેગાર માનવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આ એકટમાં કઈ જમીનનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

આ એકટમાં માત્ર ખાનગી વ્યકિતની જમીન કે ખાનગી ધાર્મિક, શૈક્ષણિક, સામાજિક સંગઠનોની માલિકીની જમીન જ નહિ પરંતુ સરકારી, નગર પાલિકા, ગ્રામ પંચાયત સહિતની સ્થાનિક સત્તામંડળની જમીનોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

- જેમાં સરકારી જમીનમાં કાયદેસરના ભાડૂઆતો ન હોય અને ભોગવટો ચાલુ રાખે તેવી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા વ્યકિતને પણ ગુનેગાર ઠેરવવામાં આવશે.

**નોંધ :** (1) મંત્રીમંડળની મંજૂરી બાદ 24 સપ્ટેમ્બર 2020ના રોજ ગુજરાત વિધાનસભામાં આ અંગેનું બિલ પસાર થઈ ગયું છે.

(2) હવે રાજ્યપાલની મંજૂરી મળતા જ આ એકટ કાયદાનું સ્વરૂપ લેશે.

(3) ગુજરાતના મહેસૂલ મંત્રી **શ્રી કૌશિક પટેલે** આ માટેનું **'ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) વિધેયક, 2020'** ગુજરાત વિધાનસભામાં રજૂ કર્યું હતું.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➢ ગુજરાતના ગાંધીનગરમાં બનશે વિશ્વનું સૌથી મોટું ટોય મ્યુઝિયમ

ગુજરાતમાં એક "Toy Museum" (રમકડાં સંગ્રહાલય)ના નિર્માણ માટે ગુજરાત સરકારે એક યોજના હાથ ધરી છે.

- ગુજરાતમાં નિર્માણ પામનાર આ ટોય મ્યુઝિયમ **વિશ્વનું સૌથી મોટું ટોય મ્યુઝિયમ** હશે.
- વિશ્વનું સૌથી મોટું ટોય મ્યુઝિયમ હાલ **અમેરિકા**ના **મિસૌરી** નામના રાજ્યના **બ્રાન્સન** નામના શહેરમાં આવેલું છે.
- અમેરિકાના **મિસૌરી** સ્ટેટના **બ્રાન્સન** ખાતે આવેલા આ વિશ્વના સૌથી મોટા ટોય મ્યુઝિયમમાં આશરે **10 લાખ** જેટલાં રમકડાં છે.
- જ્યારે ગુજરાતમાં નિર્માણ પામનાર વિશ્વના સૌથી મોટા **'ટોય મ્યુઝિયમ'**માં **11 લાખથી વધુ** રમકડાં હશે.
- આ રમકડાંઓમાં ભારતમાં થયેલા મહાપુરૂષો, વિજ્ઞાનીઓ, કલાકારો, ભારતના શહીદો, ગગનયાન, વિવિધ મિસાઈલ્સ, 1857નો સ્વાતંત્ર્ય સંગ્રામ તેમજ અંગ્રેજો સામેની લડાઈની ઝાંખી દર્શાવતા રમકડાંઓ જેવા વિવિધ પ્રકારના રમકડાંઓનો સમાવેશ થશે.
- આ માટે ISRO તથા DRDOની મદદ પણ લેવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ગુજરાતમાં કયા પ્રોજેક્ટ અંતર્ગત આ 'ટોય મ્યુઝિયમ'નું નિર્માણ થશે ?

ગુજરાતમાં **ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી** દ્વારા **વિશ્વના સૌથી મોટા 'બાલભવન'**ના નિર્માણનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે.

- આ **'બાલભવન'**માં જ વિશ્વના સૌથી મોટા **'ટોય મ્યુઝિયમ'**નું નિર્માણ કરવામાં આવશે.

### આ મ્યુઝિયમનું કયાં નિર્માણ થશે ?

ગુજરાતમાં **ગાંધીનગર** ખાતે આ **વિશ્વના સૌથી મોટા 'બાલભવન' તથા 'ટોય મ્યુઝિયમ'**નું નિર્માણ કરવામાં આવશે.

- આ માટે હાલ ગુજરાત સરકારે **ગાંધીનગર**માં **ગિફ્ટ સિટી**ની બાજુમાં **શાહપુર અને રતનપુર** ગામની વચ્ચે **30 એકર** જમીન **ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર**ને ફાળવી છે.
- ગાંધીનગરમાં શાહપુર અને રતનપુર ગામની વચ્ચે અંદાજે **રૂ. 1500 કરોડ**ના ખર્ચે આગામી **5 વર્ષ**માં આ વિશ્વના સૌથી મોટા 'બાલભવન' તથા 'ટોય મ્યુઝિયમ'નું નિર્માણ કરવામાં આવશે.

**નોંધ :** (1) આ મ્યુઝિયમના નિર્માણનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં રમકડાંના માધ્યમથી બાળકોને ભારતીય સંસ્કૃતિનો પરિચય કરાવવાનો છે.

(2) આ ઉપરાંત તેનો અન્ય એક ઉદ્દેશ ભારતમાં રમકડાંના સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો પણ છે. કેમ કે, ભારતમાં દર વર્ષે રૂ. 2500 કરોડથી વધારેના રમકડાંની ચીનથી આયાત થાય છે.

(3) આથી, આ 'ટોય મ્યુઝિયમ'ના માધ્યમથી ચાઈનાના રમકડાં માર્કેટને તોડવાનો પણ સરકારનો પ્લાન છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



ICE Questions

1. ગુજરાતમાં ગેરકાયદે જમીન પચાવી પાડવાના કિસ્સા અટકાવવા માટે મંત્રીમંડળની બેઠકમાં ગુજરાતમાં કયો નવો કાયદો ઘડવાની મંજૂરી આપવામાં આવી છે ?
   (A) ગુજરાત લેન્ડ સિક્યુરિટી એક્ટ, 2020
   (B) ગુજરાત એગ્રિકલ્ચર લેન્ડ સિક્યુરિટી એક્ટ, 2020
   (C) ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ, 2020
   (D) ત્રણમાંથી કોઈ નહિ (C)

2. ગુજરાત સરકાર દ્વારા ઘડવામાં આવેલા 'ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ, 2020' નો મુખ્ય ઉદ્દેશ શું છે ?
   (A) ગુજરાતમાં જમીનની ફળદ્રુપતાનું સંરક્ષણ કરવું
   (B) ગુજરાતમાં ઉદ્યોગોથી થતું જમીન પ્રદૂષણ અટકાવવું
   (C) ગુજરાતમાં ભૂમાફિયાઓ દ્વારા હસ્તગત કરાયેલી જમીનને કાયદેસર કરવી
   (D) ગુજરાતમાં ગેરકાયદે જમીન પચાવી પાડવાના કૃત્યો અટકાવવા (D)

3. 'ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ 2020'માં ગુનેગાર માટે કઈ સજાની જોગવાઈ કરવામાં આવી છે ?
   (A) 10 થી 12 વર્ષની જેલ અને જમીનની જંત્રી જેટલો દંડ
   (B) 10 થી 13 વર્ષની જેલ અને જમીનની જંત્રી જેટલો દંડ
   (C) 10 થી 14 વર્ષની જેલ અને જમીનની જંત્રી જેટલો દંડ
   (D) 10 થી 15 વર્ષની જેલ અને જમીનની જંત્રી જેટલો દંડ (C)

4. 'ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ 2020'ની મહત્ત્વની જોગવાઈના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. આવા કેસોની ઝડપી સુનાવણી માટે એક વિશેષ કોર્ટની રચના કરવામાં આવશે.
   2. અદાલતમાં કેસ દાખલ થયાના 1 વર્ષમાં કેસનો નિકાલ કરવામાં આવશે.
   3. જમીનની માલિકી પૂરવાર કરવાની જવાબદારી ભૂમાફિયા પર રહેશે.

   Ans. (A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 (D)

5. 'ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ, 2020'ની જોગવાઈ અનુસાર આવા કેસની તપાસ કયા અધિકારી કે તેથી ઉપરના પોલીસ અધિકારી દ્વારા કરવામાં આવશે ?
   (A) Head Constable (B) Police Sub Inspector
   (C) Police Inspector (D) Deputy Superintendent of Police (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**6.** 'ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ, 2020'માં ભૂમાફિયાઓ માટે વધુમાં વધુ કેટલા વર્ષની કેદની સજાની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) 10 (B) 12 (C) 14 (D) 16 **(C)**

**7.** ભારતના કયા શહેરમાં વિશ્વના સૌથી મોટા 'ટોય મ્યુઝિયમ' તથા વિશ્વના સૌથી મોટા 'બાલભવન'નું નિર્માણ કરવામાં આવશે ?

(A) અમદાવાદ (B) દિલ્હી (C) ગાંધીનગર (D) મુંબઈ **(C)**

**8.** ગુજરાતના ગાંધીનગર ખાતે કયા બે ગામની વચ્ચે વિશ્વના સૌથી મોટા 'ટોય મ્યુઝિયમ' તથા 'બાલભવન'ના નિર્માણ માટે ગુજરાત સરકારે જમીન ફાળવી છે ?

(A) શાહપુર અને કઠવાડા (B) શાહપુર અને નવાગામ

(C) શાહપુર અને રામપુર (D) શાહપુર અને રતનપુર **(D)**

**9.** હાલ અમેરિકાના કયા શહેરમાં વિશ્વનું સૌથી મોટું 'ટોય મ્યુઝિયમ' આવેલું છે ?

(A) બોસ્ટન (B) શિકાગો (C) મિસૌરી (D) બ્રાન્સન **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## 4 SEPTEMBER, 2020 FRIDAY

### ➤ 'ગુજરાત સરકારની નવી ઈન્ડસ્ટ્રીયલ પોલિસી 2020' અંગે યોજાયેલા વેબિનારમાં ગુજરાતમાં રૂ. 10,500 કરોડના નવા રોકાણની જાહેરાત

ગુજરાતમાં '<u>ગુજરાત સરકારની નવી ઈન્ડસ્ટ્રીયલ પોલિસી 2020</u>' અંગે વિચાર–વિમર્શ કરવા માટે એક <u>વેબિનાર</u>નું આયોજન થયું હતું.

- આ વેબિનારમાં ગુજરાતના મુખ્યમંત્રી <u>શ્રી વિજયભાઈ રૂપાણી</u>એ ઉદ્યોગ જગતના વિવિધ પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી હતી.
- આ વેબિનારમાં કોરોનાના કપરા કાળમાં પણ ગુજરાતમાં ચાર રોકાણકારોએ <u>રૂ. 10500 કરોડ</u>નું નવું રોકાણ કરવાની જાહેરાત કરી હતી.
- જેમાં <u>વેદાન્તા ગ્રૂપે સૌથી વધુ રૂ. 4,500 કરોડ</u>, <u>કિરી ઈન્ડસ્ટ્રીઝે રૂ. 3,000 કરોડ</u>, <u>વેલસ્પન ગ્રૂપે રૂ. 2000 કરોડ</u> અને <u>UNO મિન્ડા ગ્રૂપે રૂ. 1,000 કરોડ</u>નું ગુજરાતમાં નવું રોકાણ કરવાની જાહેરાત કરી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ગુજરાતમાં નવું રોકાણ**

| ક્રમ | કંપની/ગ્રૂપ | રોકાણ (રૂપિયામાં) |
|---|---|---|
| 1 | વેદાન્તા જૂથ | 4,500 કરોડ |
| 2 | કિરી ઈન્ડસ્ટ્રીઝ | 3,000 કરોડ |
| 3 | વેલસ્પન ગ્રૂપ | 2,000 કરોડ |
| 4 | UNO મિન્ડા ગ્રૂપ | 1,000 કરોડ |
| | કુલ | 10,500 કરોડ |



## ➤ ચેસ ઓલિમ્પિયાડના ઈતિહાસમાં ભારત પ્રથમ વખત ચેમ્પિયન




તાજેતરમાં કોરોના મહામારીને કારણે વર્ષ 2020માં chess Onlympiadનું આયોજન Online કરવામાં આવ્યું હતું.

- જે **ચેસ ઓલિમ્પિયાડ**ના ઈતિહાસની **પ્રથમ ઓનલાઈન સ્પર્ધા** હતી.
- આ ચેસ ઓલિમ્પિયાડ 2020માં **ભારત અને રશિયા**ને **સંયુકત વિજેતા** જાહેર કરવામાં આવ્યા છે.
- અને આ સાથે જ **ચેસ ઓલિમ્પિયાડ**ના ઈતિહાસમાં **ભારત પ્રથમ વખત ચેમ્પિયન** બની ગયું છે.
- અથવા તો **ચેસ ઓલિમ્પિયાડ**ના ઈતિહાસમાં **ભારતે પ્રથમ વખત વોલ્ડ મેડલ** જીત્યો છે.
- ચેસ ઓલિમ્પિયાડમાં આ અગાઉ ભારતે વર્ષ **2014માં બ્રોન્ઝ મેડલ** જીત્યો હતો. જે આ અગાઉનો શ્રેષ્ઠ દેખાવ હતો.

### ફાઈનલ મેચ

ચેસ ઓલિમ્પિયાડ 2020ની ભારત અને રશિયા વચ્ચેની ફાઈનલ મેચના પ્રથમ રાઉન્ડના અંતે બંને દેશો 3-3ના સ્કોર સાથે બરોબરી પર રહી હતી.

- જ્યારે આ ફાઈનલ મેચના બીજા રાઉન્ડમાં ચાલુ મેચ દરમિયાન ભારતીય ટીમના બે ખેલાડીઓ **શ્રી નિહાલ સરીન** અને **સુશ્રી દિવ્યા દેશમુખ**નું ઈન્ટરનેટ કનેકશન જતું રહયું હતું.
- આથી, તેઓને પરાજિત જાહેર કરવામાં આવ્યા હતા.
- જોકે, આ અંગે ભારતે સત્તાવાર વિરોધ નોંધાવતા **ભારત અને રશિયા**ને સંયુકત વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

### સેમિફાઈનલ મેચ

આ અગાઉ યોજાયેલી સેમિફાઈનલ મેચમાં **ભારતે પોલેન્ડ**ને પરાજય આપીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

- જ્યારે **રશિયા**એ સેમિફાઈનલમાં **અમેરિકા**ને પરાજય આપ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) ટૂંકમાં FIDE તરીકે ઓળખાતા ઈન્ટરનેશનલ ચેસ ફેડરેશન દ્વારા આ 'ચેસ ઓલિમ્પિયાડ'નું આયોજન કરવામાં આવે છે.

(2) FIDE દ્વારા વર્ષ 1927માં પ્રથમ અને 2018માં 43મા ચેસ ઓલિમ્પિયાડનું આયોજન કરવામાં આવ્યું હતું.

(3) વર્ષ 2018 બાદ વર્ષ 2020માં ચેસ ઓલિમ્પિયાડનું ઓનલાઈન આયોજન થયું હતું.

(4) જ્યારે હવે પછી વર્ષ 2021માં રશિયાના મોસ્કો ખાતે 44મો ચેસ ઓલિમ્પિયાડ યોજાશે.

(5) FIDEનું પૂરું નામ Federation International Des Echecs છે.

## ➤ નાણાકીય વર્ષ 2020-21ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતનો GDP વિકાસ દર માઈનસ 23.9 ટકા નોંધાયો

નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (NSO) દ્વારા જાહેર થયેલા આંકડા અનુસાર નાણાકીય વર્ષ 2020-21ના એપ્રિલથી જૂન સુધીના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતનો GDP વૃદ્ધિ દર -23.9% નોંધાયો છે.

- ભારતમાં 1996થી ત્રિમાસિક આધારે GDP ડેટા પ્રસિદ્ધ કરવામાં આવે છે.
- ત્યારથી માંડીને અત્યાર સુધીમાં ભારતમાં GDPમાં થયેલો આ સૌથી મોટો ઘટાડો છે.
- ભારતમાં આ અગાઉના ત્રિમાસિક ગાળામાં એટલે કે નાણાકીય વર્ષ 2019-20ના અંતિમ ત્રિમાસિક ગાળામાં ભારતનો GDP વૃદ્ધિ દર 3.1 ટકા નોંધાયો હતો.
- જ્યારે આ અગાઉના નાણાકીય વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં એટલે કે નાણાકીય વર્ષ 2019-20ના એપ્રિલથી જૂન સુધીના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતનો GDP વૃદ્ધિ દર 5.2 ટકા નોંધાયો હતો.

**નોંધ :** (1) કોરોના મહામારી અને કોરોના લોકડાઉનને કારણે ભારતના GDPમાં આ ઘટાડો જોવા મળ્યો છે.

(2) નાણાકીય વર્ષ 2020-21ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતમાં કૃષિ અને મત્સ્યઉદ્યોગ સેકટરમાં 3.4 ટકાનો વધારો જોવા મળ્યો હતો. જ્યારે આ સિવાયના તમામ મુખ્ય સેકટરમાં ભારતમાં ઘટાડો નોંધાયો છે.

(3) જેમાં ભારતમાં બાંધકામ સેકટરમાં સૌથી વધુ -50.3 ટકાનો, બીજા ક્રમે પરિવહન, હોટલ વગેરે સેકટરમાં -47.0 ટકાનો અને ત્યારબાદ ત્રીજા ક્રમે ઉત્પાદન સેકટરમાં -39.3 ટકાનો ઘટાડો જોવા મળ્યો છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

| નાણાકીય વર્ષ 2019-20 અને 2020-21માં ભારતમાં વિવિધ સેક્ટરનો દેખાવ | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **સેક્ટર** | **2019-20માં વૃદ્ધિદર (ટકામાં)** | **2020-21ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વૃદ્ધિદર (ટકામાં)** |
| 1 | કૃષિ અને મત્સ્યઉદ્યોગ | 3.0 | 3.4 |
| 2 | બાંધકામ | 5.2 | -50.3 |
| 3 | પરિવહન, હોટલ વગેરે | 3.5 | -47.0 |
| 4 | ઉત્પાદન | 3.0 | -39.3 |
| 5 | ખાણકામ | 4.7 | -23.3 |
| 6 | જાહેર વહીવટ, સંરક્ષણ સેવાઓ | 7.7 | -10.3 |
| 7 | પાવર, ગેસ, વોટર સપ્લાય | 8.8 | -7.0 |
| 8 | ફાઈનાન્સિયલ, રિયલ એસ્ટેટ | 6.0 | -5.3 |

**નોંધ :** (1) નાણાકીય વર્ષ 2020-21ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ચીન સિવાય વિશ્વના લગભગ તમામ મોટા અર્થતંત્રોમાં GDP વૃદ્ધિ દર માઈનસમાં નોંધાયો છે.

(2) GDPનું પૂરું નામ Gross Domestic Product (કુલ સ્થાનિક ઉત્પાદન) છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ICE Questions

1. 'ગુજરાત સરકારની નવી ઔદ્યોગિક નીતિ 2020' અંગે યોજાયેલા વેબિનારમાં ગુજરાતમાં રૂ. 10,500 કરોડના નવા રોકાણની જાહેરાત થઈ હતી...તેમાં કઈ કંપનીએ સૌથી વધુ રૂ. 4500 કરોડના રોકાણની જાહેરાત કરી હતી ?
(A) વેલસ્પન ગ્રૂપ (B) કિરી ઈન્ડસ્ટ્રીઝ
(C) વેદાન્તા ગ્રૂપ (D) UNO મિન્ડા ગ્રૂપ **(C)**

2. 'ગુજરાત સરકારની નવી ઔદ્યોગિક નીતિ 2020' અંગે યોજાયેલા વેબિનારમાં કોરોના કાળમાં પણ વેદાન્તા જૂથે ગુજરાતમાં કેટલા રૂપિયાના નવા રોકાણની જાહેરાત કરી હતી ?
(A) 3000 (B) 3500 (C) 4500 (D) 5500 **(C)**

3. 'ચેસ ઓલિમ્પિયાડ 2020'માં વિજેતા દેશનું નામ શું છે ?
(A) ભારત (B) અમેરિકા (C) રશિયા (D) A અને C બંને **(D)**

4. કયા શહેરમાં યોજાયેલા 'ચેસ ઓલિમ્પિયાડ 2020'માં ભારત પ્રથમ વખત ચેમ્પિયન બન્યું છે ?
(A) મોસ્કો (B) ન્યુયોર્ક
(C) સાનફ્રાન્સિસ્કો (D) તેનું ઓનલાઈન આયોજન થયું હતું **(D)**

5. પ્રથમ વખત ઓનલાઈન યોજાયેલા ચેસ ઓલિમ્પિયાડ 2020માં ભારતને સૌપ્રથમ વખત ગોલ્ડ મેડલ મળ્યો છે....આ સ્પર્ધાની સેમિફાઈનલ મેચમાં કયા દેશને પરાજય આપીને ભારતે ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો ?
(A) અમેરિકા (B) હોલેન્ડ (C) નેધરલેન્ડ (D) પોલેન્ડ **(D)**

6. શ્રી નિહાલ સરીન કઈ રમત સાથે સંકળાયેલા છે ?
(A) ચેસ (B) ટેનિસ (C) ફૂટબોલ (D) બેડમિન્ટન **(A)**

7. સુશ્રી દિવ્યા દેશમુખ કઈ રમત સાથે સંકળાયેલા છે ?
(A) ચેસ (B) ટેનિસ (C) ફૂટબોલ (D) બેડમિન્ટન **(A)**

8. નાણાકીય વર્ષ 2020-21ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા નોંધાયો છે ?
(A) -22.9 (B) -23.9 (C) -24.9 (D) -26.9 **(C)**

9. નાણાકીય વર્ષ 2019-20ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા નોંધાયો હતો ?
(A) 3.1 (B) 4.3 (C) 5.2 (D) 5.6 **(C)**


10. નાણાકીય વર્ષ 2020-21ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતમાં કયા સેક્ટરના વૃદ્ધિ દરમાં સૌથી વધુ -50.3 ટકાનો ઘટાડો નોંધાયો છે ?
(A) કૃષિ અને મત્સ્યઉદ્યોગ (B) ઉત્પાદન
(C) ખાણકામ (D) બાંધકામ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 5 SEPTEMBER, 2020 SATURDAY

➤ દિવસ મહિમા : 5 સપ્ટેમ્બર, (1) રાષ્ટ્રીય શિક્ષક દિવસ (National Teacher's Day)
(2) International Day of Charity (દાન માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ)

### રાષ્ટ્રીય શિક્ષક દિવસ




સમગ્ર ભારતમાં દર વર્ષે 5 સપ્ટેમ્બરના રોજ 'રાષ્ટ્રીય શિક્ષક દિન'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં રાષ્ટ્રીય શિક્ષક દિવસની ઉજવણીનો પ્રારંભ 1962થી થયો હતો.
- ભારતના પ્રસિદ્ધ પ્રોફેસર, શિક્ષણશાસ્ત્રી, તત્ત્વ ચિંતક અને રાજપુરુષ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં તેમનો જન્મદિન 5 સપ્ટેમ્બર ભારતમાં 'શિક્ષક દિન' તરીકે ઉજવાય છે.
- ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અને દ્વિતીય રાષ્ટ્રપતિ હતા.
- 5 સપ્ટેમ્બર, 1888ના રોજ તમિલનાડુના તિરુત્તાની ખાતે તેમનો જન્મ થયો હતો.
- તેમને 1954માં 'ભારત રત્ન'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**નોંધ :** (1) સમગ્ર વિશ્વના વિવિધ દેશોમાં 'શિક્ષક દિવસ'ની ઉજવણી જુદા–જુદા દિવસે કરવામાં આવે છે.

(2) યુનેસ્કો દ્વારા 1994માં 5 ઓક્ટોબરની 'વિશ્વ શિક્ષક દિવસ' તરીકે સ્થાપના કરવામાં આવી હતી.

(3) આથી, 'વિશ્વ શિક્ષક દિન' અથવા તો 'આંતરરાષ્ટ્રીય શિક્ષક દિન' 5 ઓક્ટોબરના રોજ ઉજવાય છે. જ્યારે ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષક દિન' 5 સપ્ટેમ્બરના રોજ ઉજવાય છે.

(4) 5 સપ્ટેમ્બર, 2020ને 'રાષ્ટ્રીય શિક્ષક દિવસ'ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે ભારતના 47 શિક્ષકોને 'રાષ્ટ્રીય પુરસ્કાર'થી સન્માનિત કર્યા હતા. આ માટે ભારતમાં પ્રથમ વખત વર્ચ્યુઅલ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ જાણીતા વકીલ અને એક્ટિવિસ્ટ શ્રી પ્રશાંત ભૂષણને કોર્ટની અવમાનનાના કેસમાં 1 રૂપિયાનો દંડ

જાણીતા વકીલ અને એક્ટિવિસ્ટ **શ્રી પ્રશાંત ભૂષણ**ને સુપ્રીમ કોર્ટે **1 રૂપિયાનો દંડ** ફટકાર્યો છે.

- શ્રી પ્રશાંત ભૂષણને **કોર્ટની અવમાનના**ના કેસમાં આ દંડ ફટકારવામાં આવ્યો છે.
- શ્રી પ્રશાંત ભૂષણે ટ્વિટર દ્વારા બે અપમાન જનક ટ્વિટ કરીને સુપ્રીમ કોર્ટની કામગીરી અને માસ્ક તથા હેલમેટ વગર બાઈક પર સવાર સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ એસ. એ. બોબડેની તસવીર શેર કરીને ટીકા કરી હતી.
- આથી, આ અંગે દોષી ઠેરવીને તેમને આ દંડ ફટકારવામાં આવ્યો છે.

### સુપ્રીમ કોર્ટની કઈ બેન્ચે આ દંડ કર્યો હતો ?

**જસ્ટિસ અરૂણ મિશ્રા**ની **અધ્યક્ષતા**માં બનેલી સુપ્રીમ કોર્ટની **ત્રણ સભ્યો**ની બેન્ચે આ દંડ કર્યો હતો.



- આ બેન્ચના ત્રણ સભ્યોમાં –

  **(1) જસ્ટિસ અરૂણ મિશ્રા (અધ્યક્ષ)**

  **(2) જસ્ટિસ બી. આર. ગવઈ અને**

  **(3) જસ્ટિસ કૃષ્ણ મુરારી**

  **નો સમાવેશ થાય છે.**

**નોંધ :** (1) કોર્ટ કન્ટેમ્પ્ટ ઓફ એક્ટ હેઠળની સજા તરીકે શ્રી પ્રશાંત ભૂષણને 6 મહિના સુધીની કેદ કે 2000 રૂપિયા સુધીનો દંડ કે બંને સજા થઈ શકતી હતી.

(2) જોકે, સુપ્રીમ કોર્ટે પ્રતિકાત્મક રીતે માત્ર 1 રૂપિયાનો જ દંડ કર્યો હતો.

(3) ત્યારબાદ શ્રી પ્રશાંત ભૂષણે 1 રૂપિયાનો આ દંડ ભરી દીધો હતો.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ 'ગોડ મધર ઓફ કાર્ડિઓલોજી' તરીકે ઓળખાતા ભારતના પ્રથમ મહિલા કાર્ડિયોલોજીસ્ટ ડૉ. પદમાવતીનું નિધન

ભારતના પ્રથમ મહિલા કાર્ડિયોલોજીસ્ટ ડૉ. એસ. આર. પદમાવતીનું કોરોના સંક્રમણને કારણે નવી દિલ્હી ખાતે 103 વર્ષની ઉંમરે નિધન થયું છે.

- તેમનો જન્મ 20 જૂન 1917ના રોજ વર્તમાન મ્યાનમારમાં થયો હતો.
- તેમનું પૂરું નામ ડૉ. શિવરામકૃષ્ણ ઐયર પદમાવતી હતું.

### Cardiologist

ડૉ. પદમાવતી ભારતના પ્રથમ મહિલા કાર્ડિયોલોજીસ્ટ એટલે કે ભારતના પ્રથમ મહિલા હૃદયરોગ નિષ્ણાંત હતા.

- તેઓ National Heart Institute, Delhiના અધ્યક્ષ હતા.
- તેઓ All India Heart Foundation (AIHF)ના પણ અધ્યક્ષ હતા.

### ડૉ પદમાવતીએ સ્થાપેલી સંસ્થા

તેમણે 1962માં ભારતમાં નવી દિલ્હી ખાતે All India Heart Foundation (AIHF)ની સ્થાપના કરી હતી.

- ત્યારબાદ તેમણે 1981માં નવી દિલ્હી ખાતે AIHFના પ્રાંગણમાં જ 'National Heart Institute'ની સ્થાપના કરી હતી.
- એ અગાઉ 1953માં તેમણે ભારતમાં નવી દિલ્હી ખાતે ભારતના પ્રથમ અથવા તો ઉત્તર ભારતના પ્રથમ Cardiology Clinicનો પ્રારંભ કર્યો હતો.
- ત્યારબાદ તેમણે ભારતમાં નવી દિલ્હી ખાતે 'જી. બી. પંત હોસ્પિટલ' તરીકે ઓળખાતી 'ગોવિંદ બલ્લભ પંત ઈન્સ્ટિટયૂટ ઓફ પોસ્ટગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશન & રિસર્ચ'માં Cardiology Department અથવા તો Cardiac Catheter labની સ્થાપના કરી હતી.
- જે ભારતમાં કોઈ કોલેજ કેમ્પસમાં સ્થપાયેલ ભારતનો પ્રથમ Cardiology Department અથવા તો ભારતની પ્રથમ Cardiac Catheter lab છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

| ડૉ. પદ્માવતીએ સ્થાપેલી સંસ્થા | | |
|---|---|---|
| ક્રમ | સંસ્થાનું નામ | સ્થળ |
| 1 | All India Heart Foundation (AIHF) | નવી દિલ્હી |
| 2 | National Heart Institute | નવી દિલ્હી |
| 3 | ભારત અથવા તો ઉત્તર ભારતનું પ્રથમ Cardiology Clinic | નવી દિલ્હી |
| 4 | ભારતમાં કોલેજ કેમ્પસમાં સ્થપાયેલ પ્રથમ Cardiology Department અથવા તો Cardiac Catheter lab | નવી દિલ્હી |

## Award

ડૉ. પદ્માવતીને ભારત સરકાર તરફથી નીચેના એવોર્ડ એનાયત થયા હતા :

(1) પદ્મ ભૂષણ (1967)

(2) પદ્મ વિભૂષણ (1992)

**નોંધ :** (1) ડૉ. પદ્માવતીએ 1953માં ભારત આવીને દિલ્હીની Lady Hardinge Medical Collegeમાં લેક્ચરર તરીકે કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો.

(2) તેઓ વર્ષ 2007માં 90 વર્ષની ઉંમરે European Society of Cardiology (ESC)ના Fellow બન્યા હતા. અને એ સાથે જ તેઓ ESCના સૌથી સીનિયર Fellow બની ગયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ICE Questions

1. ભારતમાં કયો દિવસ 'રાષ્ટ્રીય શિક્ષક દિન' તરીકે ઉજવાય છે ?
(A) 5 જૂન (B) 5 જુલાઈ (C) 5 ઓગસ્ટ (D) 5 સપ્ટેમ્બર **(D)**

2. ભારતમાં શિક્ષક દિવસની ઉજવણીના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. ભારતમાં શિક્ષક દિવસની ઉજવણીનો પ્રારંભ 1964થી થયો હતો.
2. ભારતમાં ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ તથા દ્વિતીય રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં તેમનો જન્મદિન 'રાષ્ટ્રીય શિક્ષક દિન' તરીકે ઉજવાય છે.
3. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ 5 સપ્ટેમ્બર, 1888ના રોજ તમિલનાડુના તિરુત્તાની ખાતે થયો હતો.
4. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનને 1952માં 'ભારત રત્ન'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

Ans. : (A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 2, 3 (D) 1, 3, 4 **(C)**

3. યુનેસ્કો દ્વારા દર વર્ષે કયો દિવસ 'વિશ્વ શિક્ષક દિન' તરીકે ઉજવાય છે ?
(A) 5 સપ્ટેમ્બર (B) 5 ઓક્ટોબર (C) 15 નવેમ્બર (D) 15 ડિસેમ્બર **(B)**

4. 'ઈન્ટરનેશનલ ડે ઓફ ચેરિટી' અથવા તો 'દાન માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 3 સપ્ટેમ્બર (B) 4 સપ્ટેમ્બર (C) 5 સપ્ટેમ્બર (D) 6 સપ્ટેમ્બર **(C)**

5. 5 સપ્ટેમ્બર 2020ને 'રાષ્ટ્રીય શિક્ષક દિવસ'ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે ભારતના કેટલા શિક્ષકોને 'રાષ્ટ્રીય પુરસ્કાર'થી સન્માનિત કર્યા હતા ?
(A) 27 (B) 37 (C) 47 (D) 49 **(C)**

6. ભારતના કયા પ્રસિદ્ધ વકીલને સુપ્રીમ કોર્ટે 1 રૂપિયાનો દંડ કર્યો હતો ?
(A) શ્રી પ્રશાંત મહેતા (B) શ્રી પ્રશાંત ભૂષણ
(C) શ્રી પ્રશાંત વર્મા (D) શ્રી પ્રશાંત શર્મા **(B)**

7. સુપ્રીમ કોર્ટની કેટલા સભ્યોની બેન્ચે શ્રી પ્રશાંત ભૂષણને 1 રૂપિયાનો દંડ કર્યો હતો ?
(A) ત્રણ (B) પાંચ (C) છ (D) સાત **(A)**

8. સુપ્રીમ કોર્ટની કોની અધ્યક્ષતામાં બનેલી બેન્ચે શ્રી પ્રશાંત ભૂષણને 1 રૂપિયાનો દંડ કર્યો હતો ?
(A) જસ્ટિસ મુકુંદ શર્મા (B) જસ્ટિસ બી. આર. ગવઈ
(C) જસ્ટિસ અરૂણ મિશ્રા (D) જસ્ટિસ કૃષ્ણ મુરારી **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. જસ્ટિસ અરૂણ મિશ્રાની અધ્યક્ષતામાં બનેલી સુપ્રીમ કોર્ટની બેન્ચે કયા કેસમાં શ્રી પ્રશાંત ભૂષણને 1 રૂપિયાનો દંડ કર્યો હતો ?

(A) કોર્ટમાં ખોટા પુરાવા રજૂ કરવાના કેસમાં

(B) કોર્ટમાં ખોટા સાક્ષી રજૂ કરવાના કેસમાં

(C) કોર્ટની અવમાનના કરવાના કેસમાં

(D) ઉપરોકત ત્રણેય **(C)**

10. સુશ્રી એસ. આર. પદ્માવતીનું નિધન થયું છે....તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?

(A) ફિલ્મ (B) સંગીત (C) પત્રકારત્વ (D) મેડિકલ **(D)**

11. ભારતના કયા પ્રથમ મહિલા કાર્ડિયોજીસ્ટનું તાજેતરમાં નિધન થયું છે ?

(A) ડૉ. આર. એસ. પદ્મમાવતી (B) ડૉ. એસ. આર. પદ્માવતી

(C) ડૉ. એમ. એસ. પદ્માવતી (D) ડૉ. એમ. આર. પદ્માવતી **(B)**

12. ડૉ. શિવરામકૃષ્ણ ઐયર પદ્માવતીના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. તેઓ ભારતના પ્રથમ મહિલા કાર્ડિયોલોજીસ્ટ હતા.
2. તેમનો જન્મ મ્યાનમાર ખાતે થયો હતો.
3. કોરોના સંક્રમણને કારણે દિલ્હીમાં તેમનું નિધન થયું છે.
4. તેમણે ઓલ ઈન્ડિયા હાર્ટ ફાઉન્ડેશન તથા નેશનલ હાર્ટ ઈન્સ્ટિટયૂટની સ્થાપના કરી હતી.

Ans. : (A) 1, 2, 3, 4 (B) 1, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 2, 3 **(A)**

13. ભારતના પ્રથમ મહિલા હૃદયરોગ નિષ્ણાંત ડૉ. પદ્માવતીનું નિધન થયું છે...તેમને કયા એવોર્ડ એનાયત થયા હતા ?

(A) પદ્મ શ્રી અને પદ્મ ભૂષણ

(B) પદ્મ શ્રી અને પદ્મ વિભૂષણ

(C) પદ્મ ભૂષણ અને પદ્મ વિભૂષણ

(D) પદ્મ શ્રી, પદ્મ ભૂષણ અને પદ્મ વિભૂષણ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ડૉ. હેમાલીબેન દેસાઈ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ મહિલા કાર્યકારી કુલપતિ બન્યા

ડૉ. હેમાલીબેન દેસાઈએ તાજેતરમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ તરીકેનો પદભાર સંભાળ્યો છે. આ સાથે જ ડૉ. હેમાલીબેન દેસાઈ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના આશરે 55 વર્ષના ઈતિહાસમાં સૌપ્રથમ મહિલા કાર્યકારી કુલપતિ બની ગયા છે. તેમણે તાજેતરમાં નિવૃત્ત થયેલા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. શિવેન્દ્ર ગુપ્તાનું સ્થાન લીધું છે.

### ➤ ગુજરાતની અમૂલ Rabobankની Global Top 20 Dairy Companiesની યાદીમાં સ્થાન પામનાર ભારતની પ્રથમ ડેરી બની

Rabobank દ્વારા તાજેતરમાં Global Top 20 Dairy Companies 2020 નામથી એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ રિપોર્ટમાં 'અમૂલ' બ્રાન્ડ નેઈમ ધરાવતી 'ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન' 16મા ક્રમે છે. આ સાથે જ ગુજરાતની 'અમૂલ' અથવા તો 'ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન' Rabobankની Top 20 Dairy કંપનીઓની યાદીમાં સ્થાન પામનાર ભારતની પ્રથમ ડેરી કંપની બની ગઈ છે. વર્ષ 2020માં પ્રસિદ્ધ થયેલા Rabobankના આ રિપોર્ટમાં સ્વિટ્ઝર્લેન્ડની 'નેસ્લે' પ્રથમ ક્રમે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

### ➤ ભારત ઈઝરાયેલ પાસેથી 'એવોક્સ' નામના બે આકાશી રડાર ખરીદશે

ભારત સરકારે ઈઝરાયેલ પાસેથી 2 આકાશી રડાર ખરીદવા માટે વાતચીતનો પ્રારંભ કર્યો છે. 'એવોક્સ' તરીકે ઓળખાતા આ રડાર ઈઝરાયેલની ફાલ્કન નામની કંપની દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે. AWACSનું પૂરું નામ Airborne early Warning and Control Systems છે. 'ઊડતા રડાર' અથવા તો 'ઊડતી આકાશી આંખ' તરીકે ઓળખાતા આ રડારની રેન્જ 400 કિલોમીટર સુધીની છે. ફાઈટર પ્લેન સાથે જોડાયેલા આ રડાર આકાશમાં ઊંચે હોવાથી દૂરથી જ દુશ્મન દેશની મિસાઈલ, ફાઈટર પ્લેન કે ડ્રોન જેવી સામગ્રીને તુરંત પકડી પાડે છે.

## વિશ્વ

### ➤ શ્રી યોશીહિદ સુગા જાપાનના નવા વડાપ્રધાન બન્યા

શ્રી યોશીહિદ સુગાએ જાપાનના નવા વડાપ્રધાન તરીકેનો પદભાર સંભાળી લીધો છે. જાપાનના નવા વડાપ્રધાન તરીકે શ્રી યોશીહિદ સુગાએ શ્રી શિન્ઝો અબેનું સ્થાન લીધું છે. જાપાનની લિબરલ ડેમોક્રેટિક પાર્ટીના શ્રી શિન્ઝો અબે એ સ્વાસ્થ્ય સંબંધિત કારણોસર જાપાનના વડાપ્રધાન પદેથી રાજીનામું આપી દીધું હતું. આથી, તેમના જ પક્ષના એટલે કે લિબરલ ડેમોક્રેટિક પાર્ટીના શ્રી યોશીહિદ સુગાની જાપાનના નવા વડાપ્રધાન તરીકે નિમણૂક કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ વર્ષ 2020ના એપ્રિલથી જૂન સુધીના ત્રિમાસિક ગાળામાં અમેરિકાના GDP વૃદ્ધિ દરમાં 31.7 ટકાનો ઘટાડો

અમેરિકી વાણિજય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર વર્ષ 2020ના એપ્રિલથી જૂન સુધીના ત્રિમાસિક ગાળામાં અમેરિકાના GDP વૃદ્ધિ દરમાં 31.7 ટકાનો ઘટાડો થયો છે. જે વિશ્વના સૌથી મોટા અર્થતંત્ર ગણાતા અમેરિકાના અર્થતંત્રમાં જોવા મળેલો 62 વર્ષ પછીનો 10 ટકા કે તેથી વધુનો મોટો ઘટાડો છે. આ અગાઉ 1958માં અમેરિકાના GDPમાં એક સાથે 10 ટકાનો ઘટાડો નોંધાયો હતો. તાજેતરમાં કોરોના મહામારીને કારણે અમેરિકાના અર્થતંત્રના વૃદ્ધિ દરમાં આ ઘટાડો જોવા મળ્યો છે.

ICE Questions

- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ મહિલા કાર્યકારી કુલપતિ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – ડૉ. હેમાલીબેન દેસાઈ
- ડૉ. હેમાલીબેન દેસાઈની ગુજરાતની કઈ યુનિવર્સિટીના પ્રથમ મહિલા કાર્યકારી કુલપતિ તરીકે નિમણૂક કરવામાં આવી છે ? – વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
- ભારત દ્વારા કયા દેશ પાસેથી 'અવોકસ' તરીકે ઓળખાતા બે આકાશી રડાર ખરીદવાની ચર્ચા–વિચારણા હાથ ધરવામાં આવી છે ? – ઈઝરાયેલ
- જાપાનના નવા વડાપ્રધાન તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી યોશીહિદ સુગા
- શ્રી યોશીહિદ સુગા કોના સ્થાને જાપાનના નવા વડાપ્રધાન બન્યા છે ? – શ્રી શિન્ઝો અબે
- જાપાનના નવા વડાપ્રધાન શ્રી યોશીહિદ સુગાના પક્ષનું નામ શું છે ? – લિબરલ ડેમોક્રેટિક પાર્ટી
- વર્ષ 2020ના એપ્રિલથી જૂન સુધીના ત્રિમાસિક ગાળામાં અમેરિકાના GDP વૃદ્ધિ દરમાં કેટલા ટકાનો ઘટાડો નોંધાયો છે ? – 31.7 ટકા
- Rabobankની ગ્લોબલ ટોપ 20 ડેરી કંપનીની યાદીમાં સ્થાન પામનાર ભારતની પ્રથમ ડેરી કંપની કઈ છે ? – ગુજરાત કો–ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (અથવા તો અમૂલ)
- Rabobankની ગ્લોબલ ટોપ 20 ડેરી કંપનીની 2020ની યાદીમાં 'ગુજરાત કો–ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન' કયા ક્રમે છે ? – 16મા
- Rabobankની ગ્લોબલ ટોપ 20 ડેરી કંપનીની 2020ની યાદીમાં પ્રથમ ક્રમે કઈ ડેરી કંપની છે ? – નેસ્લે (સ્વિત્ઝર્લેન્ડ)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. ગુજરાતના નાગરિક પુરવઠા વિભાગ દ્વારા નક્કી કરવામાં આવેલી સમયમર્યાદા અનુસાર ગુજરાતમાં હવે નવું રેશનકાર્ડ અરજી કર્યાના કેટલા દિવસમાં ઈશ્યુ કરવામાં આવશે ?

**– 15 દિવસમાં**

(આ ઉપરાંત રેશનકાર્ડમાં નામ દાખલ કરવાની, નામ રદ કરવાની કે નામ સરનામામાં સુધારા વધારા કરવાની પ્રક્રિયા એક જ દિવસમાં એટલે કે ફોર્મ મળે તે જ દિવસે પૂરી કરવામાં આવશે.)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

2. કોરોના મહામારી દરમિયાન ગુજરાતમાં કેટલા રૂપિયા સુધીની લોન લેનારા નાના ઉદ્યોગોને સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુક્તિ આપવાનો ગુજરાત સરકારે નિર્ણય કર્યો છે ?

**– રૂ. 50,000 સુધીની**

3. કોરોના મહામારી દરમિયાન ગુજરાતમાં કેટલા રૂપિયા સુધીની લોન લેનારા સ્ટ્રીટ વેન્ડર્સને સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુકિત આપવાનો ગુજરાત સરકારે નિર્ણય કર્યો છે ?

**– રૂ. 10,000 સુધીની**

4. FATF અથવા તો ફાઈનાન્શિયલ એકશન ટાસ્ક ફોર્સના બ્લેક લિસ્ટમાંથી બચવા માટે ઓગસ્ટ 2020 દરમિયાન પાકિસ્તાને દાઉદ ઈબ્રાહિમ, હાફિઝ સઈદ અને મસૂદ અઝહર સહિત કેટલા આતંકવાદીઓ અને આતંકવાદી સંગઠનો પર પ્રતિબંધ મૂકી દીધો છે ?

**– 88**

5. તાજેતરમાં કયા શહેરમાં મહાત્મા ગાંધીજીએ પહેરેલા ચશ્માની રૂ. 2.50 કરોડમાં હરાજી થઈ હતી ? **– લંડન (ઈંગ્લેન્ડ)**

6. જૂન 2020 દરમિયાન સાઉદી અરેબિયાને પાછળ રાખીને કયો દેશ પેટ્રોલિયમના

ઉત્પાદનમાં વિશ્વનો બીજા ક્રમનો સૌથી મોટો પેટ્રોલિયમ ઉત્પાદક દેશ બની ગયો હતો ?

– રશિયા

(જ્યારે અમેરિકા પેટ્રોલિયમના ઉત્પાદનમાં સમગ્ર વિશ્વમાં પ્રથમ ક્રમે છે.)

7. જૂન 2020 દરમિયાન રશિયા કયા દેશને પાછળ રાખીને પેટ્રોલિયમના ઉત્પાદનમાં વિશ્વનો બીજા ક્રમનો સૌથી મોટો પેટ્રોલિયમ ઉત્પાદક દેશ બની ગયો હતો ?

– સાઉદી અરેબિયા

8. ગુજરાતના કયા પ્રાકૃતિક શિક્ષણ અભયારણ્યને પર્યટન સ્થળ તરીકે વિકસાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – હિંગોળગઢ

(ગુજરાતના પશુપાલન મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાની અધ્યક્ષતામાં યોજાયેલી હિંગોળગઢ અભયારણ્ય ગીર ફાઉન્ડેશન કમિટીની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.)

9. હિંગોળગઢ પ્રાકૃતિક શિક્ષણ અભયારણ્ય ગુજરાતના કયા જિલ્લામાં આવેલું છે ?

– રાજકોટ

(રાજકોટ જિલ્લાના અગાઉના જસદણ અને હાલના વીંછિયા તાલુકામાં આ અભયારણ્ય આવેલું છે. હિંગોળગઢ પ્રકૃતિ શિક્ષણ અભયારણ્ય પ્રકૃતિ શિક્ષણ માટેનું ભારતનું એકમાત્ર અભયારણ્ય હોવાનું કહેવાય છે. તેનું સંચાલન ગાંધીનગરમાં આવેલી 'ગીર ફાઉન્ડેશન' નામની સંસ્થા દ્વારા કરવામાં આવે છે.)

10. તાજેતરમાં કયા દેશમાં સોનેરી રંગનો કાચબો જોવા મળ્યો હતો ? – નેપાળ

11. તાજેતરમાં ભારતના કયા રાજ્યના દૌસા નામના શહેરમાં દુર્લભ પ્રજાતિનો પીળા રંગનો કાચબો મળી આવ્યો હતો ? – રાજસ્થાન

(આ અગાઉ જુલાઈ 2020 દરમિયાન ભારતમાં ઓડિસાના બાલાસોર જિલ્લાના સુજાનપુર ગામમાં પણ પીળા રંગનો એક કાચબો દેખાયો હતો.)

12. પાકિસ્તાનના કયા શહેરમાં પાકિસ્તાનમાં આઝાદી પૂર્વે બનેલું શ્રી હનુમાનજીનું મંદિર તથા હિન્દુઓના 20 ઘર તોડી પાડવામાં આવ્યા છે ? – કરાચી

13. ભારતીય નેવીનું કયું ઐતિહાસિક યુદ્ધ જહાજ બ્રેકિંગ માટે સપ્ટેમ્બર 2020 દરમિયાન

INSTITUTE FOR COMPETITIVE EXAMS

ગુજરાતના અલંગ બંદરે આવશે ? – INS વિરાટ

**14.** ભારતના કયા રાજ્યના નકસલ પ્રભાવિત ક્ષેત્ર ચંદ્રપુરમાં એશિયાના સૌથી મોટા બામ્બુ રિસર્ચ સેન્ટરનું નિર્માણ કરવામાં આવ્યું છે ? – મહારાષ્ટ્ર

(મહારાષ્ટ્રના ચંદ્રપુરમાં 4 એકર જમીનમાં રૂ. 100 કરોડના ખર્ચે 250 ટન વાંસના ઉપયોગથી આ સેન્ટરનું નિર્માણ કરવામાં આવ્યું છે.)

**15.** ભારતમાં કઈ ટ્રેન કયાં પહોંચી છે તેની માહિતી ઉપલબ્ધ થઈ શકે તે માટે પ્રથમ તબક્કામાં કેટલા ઈલેકટ્રીક એન્જિનોમાં GPS સિસ્ટમ ફીટ કરીને ઈસરોના સેટેલાઈટ સાથે તેને જોડવામાં આવશે ? – 2700

(ત્યારબાદ 3800 ડીઝલ એન્જિનોમાં આ સિસ્ટમ ફિટ કરાશે. અને વર્ષ 2021 સુધીમાં ભારતના તમામ એન્જિનોમાં GPS સિસ્ટમ ફિટ કરી દેવામાં આવશે.)

**16.** ભારતની તમામ ટ્રેનોના એન્જિનમાં કયાં સુધીમાં GPS સિસ્ટમ ફિટ કરી દેવામાં આવશે ? – 2021

**17.** તાજેતરમાં કયા દેશમાં સપિતી મુસ્ફુફાહ નામની 12 વર્ષની છોકરી મૃત્યુ પામ્યા બાદ ફરીથી જીવતી થતાં આશ્ચર્ય સર્જાયું હતું ? – ઈન્ડોનેશિયા

(હૃદયરોગના હુમલાને કારણે ડોક્ટર દ્વારા મૃત જાહેર થયેલી આ યુવતી દફનવિધિ અગાઉ તેને સ્નાન કરાવતી વખતે ફરીથી જીવતી થઈ હતી. જોકે, 1 કલાક બાદ તેનું મૃત્યુ થયું હતું.)

**18.** વર્ષ 2020 દરમિયાન અમેરિકાના કયા રાજ્યના જંગલોમાં લાગેલી આગને કારણે 30 લાખથી વધુ એકર જમીનનો વિસ્તાર એ આગની ઝપેટમાં આવી ગયો છે ?– કેલિફોર્નિયા

(કેલિફોર્નિયાના ઈતિહાસમાં વર્ષ 2020માં જંગલમાં દાવાનળની સૌથી મોટી ઘટના નોંધાઈ છે.)

**19.** તાજેતરમાં કયા દેશે પાકિસ્તાનને સબમરિનના ઉપકરણો આપવાનો ઈનકાર કર્યો છે ? – જર્મની

**20.** અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાની ચૂંટણીમાં ભારતીય મૂળના કયા મહિલાને રિપબ્લિકન પક્ષના સ્ટાર સ્પીકર તરીકેની જવાબદારી સોંપી છે ? – સુશ્રી નિક્કી હેલી

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(તાજેતરમાં અમેરિકામાં યોજાઈ રહેલી ચૂંટણીમાં મુખ્ય બે પક્ષો (1) ડેમોક્રેટિક પાર્ટી અને (2) રિપબ્લિકન પાર્ટી વચ્ચે મુખ્ય સ્પર્ધા છે. જેમાંથી ડેમોક્રેટિક પાર્ટીએ ભારતીય મૂળના સુશ્રી કમલા હેરિસને અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જાહેર કર્યા હતા. આથી, શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે તેમની રિપબ્લિકન પાર્ટીના સ્ટાર સ્પીકર તરીકે ભારતીય મૂળના સુશ્રી નિક્કી હેલીની નિમણૂક કરી છે.)

**21.** ભારતના કયા પ્રસિદ્ધ અભિનેતાએ ભારતના નોઈડામાં 20,000 પ્રવાસી શ્રમિકોને ઘર આપવાની જાહેરાત કરી હતી ? – શ્રી સોનુ સૂદ

**22.** ભારતમાં જવેલરી સેકટરની કઈ અગ્રણી કંપની દ્વારા જવેલરી ક્ષેત્રનો ભારતનો સૌથી મોટો રૂ. 1750 કરોડનો IPO લાવવામાં આવી રહયો છે ? – કલ્યાણ જવેલર્સ

**23.** કોવિડ-19 મહામારી દરમિયાન વિશ્વમાં સૌથી વધુ ક્રૂ–પરિવર્તનની સુવિધા કરી આપનારો દેશ કયો છે ? – ભારત

(ક્રૂ–પરિવર્તનની પ્રક્રિયામાં જહાજ પરના સભ્યોનું સ્થાન અન્ય સભ્યો લે છે. અને જહાજ પર ચઢવા અને જહાજ પરથી ઉતરવાની પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.)

**24.** ભારતના કયા શહેરમાં આવેલા 'બન્નેરઘટ્ટા બાયોલોજીકલ પાર્ક'માં એક હાથણીના મદનિયાને ઈન્ફોસિસ ફાઉન્ડેશનના ચેરપર્સન સુશ્રી સુધા મૂર્તિના નામ પરથી 'સુધા' નામ આપવામાં આવ્યું છે ? – બેંગાલુરૂ (કર્ણાટક)

**25.** ભારતમાં કઈ વીમા કંપનીએ ભારતમાં (કદાચ પ્રથમ વખત) પાળેલા કૂતરા માટે વીમા પોલિસી લોન્ચ કરી છે ? – બજાજ એલાયન્સ

**26.** મહિલા ટી-20માં 4 બોલમાં 4 વિકેટ લેનાર વિશ્વના પ્રથમ મહિલા ક્રિકેટર કોણ છે ?

– સુશ્રી અનુરાધા ડોડ્ડાબલ્લાપુર

(જર્મનીની મહિલા ક્રિકેટ ટીમના કેપ્ટન સુશ્રી અનુરાધાએ ઓસ્ટ્રેલિયા સામેની મેચમાં આ સિદ્ધિ મેળવી છે.)

**27.** ભારતના કયા રાજ્યના પેટાળમાંથી 4800 અબજ લિટર પાણીનો વિશાળ જથ્થો મળી આવ્યો છે ? – રાજસ્થાન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(પાકિસ્તાનની સરહદે આવેલા રાજસ્થાનના બાડમેર જિલ્લામાં આ જથ્થો મળી આવ્યો છે.)

**28.** પ્રાયોગિક ધોરણે અમેરિકાના કયા રાજ્યમાં રોગચાળો ફેલાવતા મચ્છરોને મારવા માટે આગામી બે વર્ષમાં જિનેટિકલી મોડિફાઈડ કરાયેલા 75 કરોડ મચ્છરોને વાતાવરણમાં છૂટા મૂકવામાં આવશે ? –ફ્લોરિડા

**29.** આર્જેન્ટિનાના પ્રસિદ્ધ ફૂટબોલર શ્રી લિયોનેલ મેસ્સીનો કઈ ફૂટબોલ કલબ સાથેનો કરાર તાજેતરમાં સમાપ્ત થઈ રહયો છે ? – બાર્સેલોના કલબ

**30.** ભારતની રાજ્યસભામાં કોંગ્રેસના ચીફ વ્હિપ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી જયરામ રમેશ

**31.** તાજેતરમાં કોની સંપત્તિ 200 અબજ ડોલરને પાર થઈ ગઈ હતી  કે જે કોઈ એક વ્યકિતની સંપત્તિ 200 ડોલરથી વધારે થઈ હોય તેવી વિશ્વની પ્રથમ ઘટના હતી ? – શ્રી જેફ બેઝોસ (એમેઝોનના માલિક)

**32.** કયા દેશના પ્રસિદ્ધ ટેનિસ ખેલાડીઓ શ્રી બ્રાયન બ્રધર્સે ટેનિસમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે ? – અમેરિકા

**33.** ભારતના કયા રાજ્યમાં રૂ. 1000થી વધુ કરોડના ખર્ચે પ્રસિદ્ધ સંત શ્રી રામાનુજાચાર્યના ભવ્ય મંદિરનું નિર્માણ થઈ રહયું છે ? – તેલંગાણા

**34.** ઓગસ્ટ 2020 દરમિયાન અમેરિકાના કયા રાજ્યમાં લૌરા નામના વાવાઝોડાને કારણે વ્યાપક નુકશાન થયું હતું ? – લુઈસિયાના અને ટેકસાસ

**35.** ભારતની કઈ શિક્ષણ સંસ્થામાં સંસ્કૃત ભાષામાં પ્રાચીન ગણિત અને વિજ્ઞાનના અભ્યાસ માટેનો એક કોર્સ શરૂ કરવામાં આવ્યો છે ? – IIT ઈન્દોર

**36.** તાજેતરમાં કયા દેશમાં માત્ર એક દિવસમાં વિશ્વમાં સૌથી વધુ 80,000 કરતા પણ વધારે કોરોનાના પોઝિટિવ કેસો નોંધાયા હતા ? – ભારત

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT